*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
વર્ષ ૨૧: અંક ૫: વીર સં. ૨૪૯૦, ફાગણ

પોન્નુર યાત્રા અંક


૨
૪
૫




પોન્નુર યાત્રા અંક

૨
૪
૫

ભક્તિભીનાં હૃદયે પોન્નુરમાં પરમગુરુ-કુંદકુંદસ્વામીનો ચરણસ્પર્શ



કુંદપ્રભુના
ચરણોને
અત્યંત
ભાવપૂર્વક
તેમના ભક્ત
અભિષેક
કરી રહ્યા છે.



પોન્નૂર
તા.
૨૭-૧-૬૪

# દક્ષિણના તીર્થધામોની યાત્રા

ગતમાસમાં પૂ. ગુરુદેવે યાત્રાસંઘસહિત કોઈ અનેરા ઉલ્લાસ અને અતિશય ભક્તિભાવપૂર્વક દક્ષિણદેશના ચાર મુખ્ય તીર્થસ્થાનો-કુંદાદ્રિ, મૂડબિદ્રી, શ્રવણબેલગોલ અને પોન્નૂર-ની યાત્રા કરી. અંતિમ દિને પોન્નૂરધામમાં સાત મોટરબસો અને લગભગ ૭૦ મોટર મારફત કુલ એક હજાર જેટલા યાત્રિકો હતા તથા સ્થાનિક પોન્નૂરની આસપાસના દિગંબર જૈન સમાજના પાંચેક હજાર યાત્રિકો પોન્નૂર આવ્યા હતા. કહાનગુરુએ પરમગુરુ શ્રી કુંદકુંદપ્રભુના પાવન ચરણોના અભિષેક-પૂજન ઘણી જ ભક્તિથી શિષ્યભાવે કરાવ્યા હતા. ગુરુદેવ કહે છે કે અહા! એ વખતના ભાવો! જે આવ્યા હશે તેમણે જોયા હશે! અહીં એ યાત્રાના થોડાક સંસ્મરણો (ટૂંકાણમાં) આપવામાં આવ્યા છે.

-બ્ર. હરિલાલ જૈન.

‘આત્મધર્મ’ ના ગતાંકમાં આપેલા સમાચાર દ્વારા આપણે સોનગઢથી નીકળીને બેલગાંવ સુધી પહોંચ્યા છીએ. ત્યારબાદ તા. ૧૪-૧-૬૪ના રોજ ગુરુદેવ હુબલી પધારતાં સ્વાગત થયું, પાંચ વર્ષ પહેલાંની યાત્રા વખતે હુબલીના સ્વાગતમાં જે હાથીના બે બચ્ચાં હતા તે જ બે હાથી આ વખતે સ્વાગતમાં હતા. હુબલીમાં કેટલાક જિનમંદિરોનાં દર્શન કર્યાં. બીજે દિવસે દાવનગીર (દક્ષિણનો ઉચ્ચાર દાવનગેરે) આવ્યા, ત્યાં સુંદર વ્યવસ્થા હતી; એક .જિનમંદિર છે. ત્યાંથી નીકળી યાત્રાસંઘ રાતે ૧૨ વાગે હુમચા પહોંચ્યો. લાંબા યાત્રા-પ્રવાસમાં તીર્થોની અને સંતોની ખૂબ જ ભક્તિ થતી....કુંદકુંદપ્રભુની ભક્તિની તો વાત જ શી? એકવાર “કુંદકુંદપ્રભુ કેવા હશે.....” એની આશ્ચર્યકારી ધૂન લગભગ એક કલાક સુધી ચાલી હતી. બીજે દિવસે પૂ. ગુરુદેવ હૂમચ પધાર્યા. અહીં પ્રાચીન જિનમંદિર વગેરેના દર્શન કર્યા. પહાડી ઉપર એક જુનું મંદિર છે, ત્યાં પણ દર્શન-ભક્તિ કરવા ઘણા

યાત્રિકો ગયા હતા. અહીં બપોરના પ્રવચનમાં ગુરુદેવે સીમંધરભગવાનને તેમજ કુંદકુંદભગવાનને અતિશય બહુમાનપૂર્વક યાદ કરીને અલૌકિક વાત કરી હતી, જે સાંભળતાં શ્રોતાજનોને ઘણો હર્ષ થતો હતો. (તા. ૧૭) હુમચાથી કુંદકુંદપ્રભુની ભક્તિ કરતા કરતા કુંદાદ્રિ આવ્યા ને યાત્રા કરવાની ધૂનમાં મોટરબસો લગભગ અડધા પહાડ ઉપર તો ચડી લઈ. કુંદાદ્રિપહાડ ગીચ ઝાડીથી છવાયેલો છે, ને તેમાં મોટર લગભગ ઠેઠ ઉપર સુધી જઈ શકે તેવા રસ્તા તૈયાર થયા છે. દશેકવર્ષ પહેલાં તો આ પહાડ ઉપર ચાલીને જવાનું પણ મુશ્કેલ પડતું. કોઈ મોટરદ્વારા તો કોઈ પગપાળા કુંદકુંદપ્રભુના પાવનધામમાં આવી પહોંચ્યા. ઉપરના મનોહર–ઉપશાંત વાતાવરણમાં, પાપવિધ્વંસીની તળાવડીના કાંઠડે પ્રાચીન મંદિર–માનસ્તંભ છે, તેની બાજુમાં કુંદકુંદપ્રભુના પ્રાચીન ચરણકમળ કોતરેલા છે. આ ચરણપાદૂકા પાસે એક હોલ બાંધવામાં આવ્યો છે. ગુરુદેવ ભાવપૂર્વક કુંદપ્રભુના ચરણોને ભેટયા, ભાવથી ચરણસ્પર્શ કર્યા, અભિષેક કર્યો; ને પછી પૂજન થયું. નમોક્કારમંત્ર અને કુંદકુંદદેવાય નમઃ એમ બોલીને ગુરુદેવે પૂજનની શરૂઆત કરાવી. પૂજન બાદ ઘણા ઉત્સાહથી ભક્તિ થઈ. સ્તવનમંજરી પૃ. ૪૩૧ માંથી ગુરુદેવે ભજન ગવડાવ્યું—

**આજે મંગલકારી મહા સૂર્યોદય ઊગીયો રે...**
**ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર**
**શ્રી કુંદકુંદપ્રભુજી શાસનશિરોમણિ થયા રે...**
**જેઓ જિનેશ્વરના દર્શનથી પાવન થયા રે...**
**જેની આતમશક્તિની કરવી શું વાત?**
**તેના ચરણોમાં મસ્તક મારું ઝૂકી પડે રે...**

ગુરુદેવ ઘણા જ ભક્તિભાવથી એ ભજન ગવડાવતા હતા. ભક્તિ બાદ આ યાત્રાની આનંદકારી સ્મૃતિમાં હસ્તાક્ષર આપતાં ગુરુદેવે લખ્યું કે “કુંદનગિરિ પાવન કરનાર કુંદકુંદદેવને નમઃ” પછી પહાડ ઉપરનું પ્રાચીનમંદિર–કે જેમાં કુંદકુંદસ્વામી દર્શન કરતા–તે મંદિરના દર્શન કર્યા, અને આ યાત્રાની યાદગીરીમાં લગભગ છ હજાર રૂા. નું ફંડ થયું. ત્યારબાદ મંદિરસન્મુખના ચોકમાં મુનિભક્તિ થઈ. તેમાં પૂ. બેનશ્રીબેને કુંદકુંદપ્રભુની લગનીનું ભાવભીનું સ્તવન ગવડાવીને અદ્‌ભુત ભક્તિ કરાવી હતી;—એ સ્તવન આ અંકમાં આપ્યું છે. —આમ આનંદપૂર્વક ગુરુદેવ સાથે કુંદાદ્રિધામની યાત્રા કરીને, ઉલ્લાસભરી ભક્તિ ગાતાંગાતાં સૌ નીચે ઊતર્યા.....પહાડની તળેટીમાં રોકાઈને નાસ્તાપાણી કર્યા.... બપોરે ગુરુદેવે વીસેક મિનિટ પ્રવચન કર્યું ને ગુરુદેવના સન્માનની વિધિ થઈ..... ત્યારબાદ ત્યાંથી પ્રસ્થાન કરીને ઘનઘોર ગીચ ઝાડી વચ્ચેથી પ્રવાસ કરતાં, રંગ લાગ્યો રે મને રંગ

લાગ્યો..... ઇત્યાદિ આનંદકારી ભક્તિ કરતાં કરતાં, તીર્થંકરોને—સંતોને અને તીર્થધામોને યાદ કરતાંકરતાં રાત્રે મૂડબિદ્રિ આવી પહોંચ્યા.

મૂડબિદ્રિમાં યાત્રાસંઘ બે દિવસ રોકાયો. મહા સુદ ચોથે ત્યાંના સુપ્રસિદ્ધ ત્રિભુવનતિલકચૂડામણિ જિનાલયમાં સમૂહ પૂજન થયું, તેમજ રત્નમય જિનબિંબોના દર્શન કર્યા. મૂડબિદ્રિ ગામમાં સમાજમંદિરમાં ગુરુદેવના સ્વાગતનો સમારોહ થયો હતો. રાત્રે ભક્તિ થઈ હતી. બીજે દિવસે સવારે પૂજન બાદ મૂડબિદ્રિના અનેક જિનમંદિરોના દર્શન કર્યા. અહીં અઢાર જેટલા જિનમંદિરો છે. ઘણા યાત્રિકો કારકલ જઈને બાહુબલી ભગવાનના તથા અનેક જિનમંદિરોના દર્શન કરી આવ્યા. બપોરે રત્નપ્રતિમાદર્શન બાદ પ્રવચન થયું અને તાડપત્રના શાસ્ત્રો (જયધવલા વગેરે) નું અવલોકન કર્યું. રાત્રે ત્રિભુવનતિલકચૂડામણિ જિનાલયમાં દીપમાલા–દર્શન થયું. હજારો દીપકોથી ઝગઝગતા મંદિરમાં જિનેન્દ્રદર્શનનું દ્રશ્ય ઘણું સુંદર લાગતું હતું. એ વખતે ભક્તિમાં કાનડી ભજનો પણ ગવાયા હતા.–આમ મૂડબિદ્રિનો બે દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો. બીજે દિવસે સવારમાં શ્રવણબેલગોલા તરફ જતાં વચ્ચે વેણૂરસ્થિત બાહુબલી ભગવાનના તથા જિનમંદિરોનાં દર્શન કર્યા.

મૂડબિદ્રિથી શ્રવણબેલગોલ તરફ જતાં વચ્ચે સાડાચાર હજાર ફૂટ ઊંચો ને લગભગ ૧૬ માઈલ લાંબો ચારમડીઘાટ ઓળંગીને મોટરો બીજી તરફ ઊતરી. રસ્તાની એક બાજુ હજારો ફૂટ ઊંડી ખીણો ને બીજી બાજુ ઊંચી પહાડી, ઊંચા ઊંચા વૃક્ષોની ઘનઘોર ઘટા, ક્યાંક ક્યાંક રમણીય ઝરણા ને વાંકાચૂંકા રસ્તાઓ–એવા આ ઘાટનાં દ્રશ્યો યાદગાર છે. સવારે છ વાગે નીકળી સાંજે પાંચ વાગે શ્રવણબેલગોલ પહોંચ્યા. વચ્ચે બેલૂરનો મઠ ને હળેબિડના પ્રાચીન જિનમંદિરો જોયા. લગભગ પંદર માઈલ દૂરથી યાત્રિકને શ્રવણબેલગોલના પહાડ ઉપર બિરાજમાન બાહુબલીનાથના શિરોભાગના દર્શન થાય છે. રાત્રે જિનમંદિરમાં ચોવીસ ભગવંતો સન્મુખ ભક્તિ થઈ.

મહા સુદ સાતમની સવારમાં ગુરુદેવ સહિત યાત્રા માટે ઇન્દ્રગિરિ પહાડ ઉપર ચાલ્યા..... પંદર–વીસ મિનિટમાં પહાડ ઉપર પહોંચીને જ્યાં બાહુબલીનાથને નીહાળ્યા..........કે હર્ષાનંદથી સૌ સ્તબ્ધ બની ગયા.... આ વીતરાગીઢીમના દર્શને શાંતિની ને હર્ષની એટલી બધી ઊર્મિઓ જાગે છે કે ક્ષણભર તો વાણી તેને વ્યક્ત કરી શકતી નથી. ગુરુદેવ પણ સ્તબ્ધનયને ફરી ફરી એ પાવનમુદ્રાને અવલોકી રહ્યા. ત્યારબાદ બાહુબલીભગવવાનની બે પૂજા થઈ; ને ગુરુદેવે તેમજ બેનશ્રીબેને ભક્તિ કરાવી. એ રીતે આનંદપૂર્વક યાત્રા કરીને નવ વાગે નીચે આવ્યા, ને દક્ષિણદેશની જનતાએ ઉમંગપૂર્વક ગુરુદેવને ગામમાં ફેરવીને સ્વાગત કર્યું; સ્વાગત પૂરું થતાં કન્નડ બાલિકાઓએ દીપકથી ને પુષ્પ વગેરેથી ગુરુદેવનું

સન્માન કર્યું, કન્નડ ભાષામાં સ્વાગત–ગીત ગાયું. પાંચ વર્ષ પહેલાંની યાત્રા વખતે બાહુબલીપ્રભુના અભિષેકની ઉછામણીમાં જે સાડાદશહજાર રૂા. જેટલી રકમ થયેલી તેમાંથી અહીં ચાર રૂમનું એક મકાન–જેનું નામ "શ્રી કાનજીસ્વામી યાત્રિકાશ્રમ" છે, તે બંધાયું છે, ને તેમાં ગુરુદેવનો ઉતારો હતો; ગુરુદેવની પધરામણી વખતે તેનું ઉદ્‌ઘાટન થયું હતું. બપોરના પ્રવચનમાં ગુરુદેવે બાહુબલીભગવાનની જીવનદશાનું અદ્‌ભુત ભાવભીનું વર્ણન કર્યું. પ્રવચન પછી અભિષેકની ઊછામણીમાં કુલ લગભગ ૧૬ હજાર રૂા. થયા. રાત્રે ફરીને પર્વત ઉપર જઈને સૌએ સર્ચલાઈટના પ્રકાશમાં બાહુબલીનાથની પાવનમુદ્રાના દર્શન કર્યા....અહા, ફરીફરીને દર્શન કરતાં અવનવા ભાવો જાગે છે. ગુરુદેવને ખૂબજ પ્રસન્નતા થતી હતી. અગાશીમાં બાહુબલીસ્વામીની મુદ્રા સામે મીટ માંડીને ગુરુદેવે ભાવભીના ચિત્તે અતીવ પ્રસન્નતાથી કહ્યુંઃ વાહ! એમના મુખ ઉપર જુઓને! કેવા અલૌકિકભાવ તરવરે છે! પુણ્યનો અતિશય, ને પવિત્રતા પણ અલૌકિક.... બંને દેખાઈ આવે છે. જ્ઞાન અંતરમાં એવું લીન થયું છે કે બહાર આવવાનો અવકાશ નથી. વીતરાગભાવમાં જ્ઞાન લીન થયું છે. મોઢા ઉપર અનંત આશ્ચર્યવાળી વીતરાગતા છે; જાણે ચૈતન્યની શીતળતાનો બરફ!! અત્યારે દુનિયામાં એનો જોટો નથી.

—આવા આવા અનેક ઉદ્‌ગારો ગુરુદેવે કાઢયા....બાહુબલીનાથના દર્શનની ઊર્મિઓ વાણીમાં કઈ રીતે વ્યક્ત કરવી એ જાણે સૂઝતું ન હતું. પછી ત્યાં બાહુબલીપ્રભુની ઘણી ઘણી ભક્તિ થઈ. પૂ. બેનશ્રીબેને પણ અનેરા ઉમંગથી ભક્તિરસ રેલાવ્યો. ગુરુદેવ સાથે ફરીફરીને આ બાહુબલીનાથની યાત્રા કરતા તેઓશ્રીને અને સમસ્ત યાત્રિકોને અપાર હર્ષોલ્લાસ થતો હતો. બાહુબલીદર્શનમાં ગુરુદેવનો આજનો પ્રમોદ કોઈ અનેરો હતો. આમ બહુ જ આનંદથી બાહુબલીનાથને નીહાળીને, ભક્તિ કરીને, બીજી યાત્રા પૂરી કરીને સૌ નીચે આવ્યા.... ને બાહુબલીનાથના વૈરાગ્યજીવનની કથા સાંભળીને સૌ સૂઈ ગયા.

બીજા દિવસની સવારમાં ફરીને એ બાહુબલીનાથને ભેટવા ને એમના ચરણોને અભિષેકવા સૌ યાત્રિકો ગુરુદેવ સાથે પહાડ પર પહોંચી ગયા. પૂજન બાદ મહાન ભક્તિથી ચરણાભિષેક થયો. પ્રથમ કળશ ભાઈશ્રી ખીમચંદ જે. શેઠનો હતો. કહાનગુરુએ સુર્વણકળશવડે અભિષેકનો પ્રારંભ કર્યો ત્યારે બેહદ હર્ષથી યાત્રિકો નાચી ઊઠયા હતા. અભિષેક બાદ ગુરુદેવે ભક્તિ કરાવી હતી. "જંગલ વસાવ્યું રે સંતોએ...." એ ગીત વૈરાગ્યભાવથી ગવડાવ્યું હતું. ત્યારબાદ "વિંધ્યગીરી પર બાહુબલીનાથજી ભલે બિરાજો જી...." ઇત્યાદિ ભજનવડે પૂ. બેનશ્રીબેને પણ ભક્તિ કરાવી હતી. આજની આનંદકારીયાત્રાના સ્મરણમાં હસ્તાક્ષર આપતાં બાહુબલીસ્વામીની સન્મુખ બેઠાબેઠા ગુરુદેવે લખ્યું છે કે— "શ્રી બાહુબલી ભગવાનનો જય હો.... આનંદામૃતનો જય હો."



## ‘શ્રી બાહુબલી ભગવાનનો જય હો.... આનંદામૃતનો જય હો’


બાહુબલી ભગવાનની યાત્રાના હર્ષોલ્લાસ પ્રસંગે, બાહુબલી ભગવાનની સન્મુખ બેઠા બેઠા પૂ. ગુરુદેવે ઉપર મુજબ હસ્તાક્ષર લખી આપ્યા હતા.... એ ઉરથી બાહુબલી ભગવાનના દર્શન વખતનો તેમનો પ્રમોદ અને ઉલ્લાસ ખ્યાલમાં આવશે. દિવસે અને રાત્રે (સર્ચલાઈટના પ્રકાશમાં) ફરીફરીને એ બાહુબલી પ્રભુના દર્શન કરતાં ખૂબ જ બહુમાનથી ગુરુદેવ કહેતા કે વાહ! એમના મુખ ઉપર જુઓ ને! કેવા અલૌકિક ભાવ તરવરે છે! પુણ્યનો અતિશય, ને પવિત્રતા પણ અલૌકિક.... બંને દેખાઈ આવે છે. જ્ઞાન અંતરમાં એવું લીન થયું છે કે બહાર આવવાનો અવકાશ નથી. વીતરાગ ભાવમાં જ્ઞાન લીન થયું છે. મોઢા ઉપર અનંત આશ્ચર્યવાળી વીતરાગતા છેઃ જાણે ચૈતન્યની શીતળતાનો બરફ! ! અત્યારે દુનિયામાં એનો જોટો નથી.

## પોન્નૂરના જિનમંદિરમાં..........




પોન્નૂર પહાડથી ત્રણેક માઈલ દૂર (બાંદેવાસથી પાંચેક માઈલ પર) પોન્નૂર ગ્રામ છે; તે ગામમાં એક વિશાળ અને પ્રાચીન જિનાલય છે. કુંદકુંદસ્વામી જ્યારે અહીં વસતા ત્યારે આ જિનાલયમાં દર્શન કરવા પધારતા.... એ સાંભળીને ઘણા પ્રમોદપૂર્વક પૂ. શ્રી કાનજીસ્વામી અને યાત્રિકો તે મંદિરના દર્શન કરવા ગયેલા તે પ્રસંગનું યાદગાર દ્રશ્ય.

## પોન્નૂરના જિનમંદિરમાં




[ ભક્તજનો સંભવનાથ પ્રભુના દર્શન કરી રહ્યા છે ]



પોન્નૂર-જિનમંદિરમાં શ્રી ગણધરદેવની મૂર્તિ



શ્રી કાનજીસ્વામી પોતે અતિ ભક્તિભાવથી પરમગુરુ-કુંદકુંદપ્રભુનું
પૂજન કરાવી રહ્યા છે.



હજારો ભક્તજનો ઉલ્લાસભાવે એ પૂજનમાં ભાગ લઈ રહ્યા છે.
( પોન્નૂર તા. ૨૭ જાન્યુઆરી ૧૯૬૪ )

—આમ ફરીફરીને બાહુબલીનાથને ભેટીને, નીરખીને, અભિસીંચીને, સ્પર્શીને યાત્રા પૂર્ણ કરી મંગલગીત ગાતાંગાતાં સૌ નીચે આવ્યા. અનેક યાત્રિકો સામેની છોટી પહાડી–ચંદ્રગિરિ પર યાત્રા કરવા ગયા, ત્યાં અનેક પ્રાચીન મંદિરો જોયા, કુંદકુંદાચાર્ય વગેરે સંબંધી શિલાલેખો જોયા, ભદ્રબાહુસ્વામીની ગૂફામાં એમના સવાફૂટ લાંબા ચરણો જોયા.... દરેક ઠેકાણે દર્શન–પૂજન–ભક્તિ કર્યા. બપોરે ભટ્ટારકજીના મંદિરમાં જિનબિંબદર્શન કર્યા, બાહુબલીસ્વામીના જીવનચિત્રો જોયા. પ્રવચનમાં ગુરુદેવે બાહુબલીભગવાનનો ઘણો ઘણો મહિમા કર્યો. સાંજે છ વાગે યાત્રાસંઘે શ્રવણબેલગોલથી મૈસૂર તરફ પ્રસ્થાન કર્યું.

મહા સુદ ૯ (તા. ૨૩) ની સવારમાં ગુરુદેવ મૈસૂર પધારતાં ત્યાંના મેયર બહેનની અધ્યક્ષતામાં ભવ્ય સ્વાગત થયું. સ્થાનિક આગેવાન નાગરીકો, સેંકડો યાત્રિકો, ૨૫ મોટરો ને ૭ બસોથી સ્વાગતસરઘસ શોભતું હતું. ટાઉનહોલમાં માંગલિક બાદ, ઈંગ્લીશમાં સ્વાગતાધ્યક્ષનું પ્રવચન થયું ને એક ભાઈએ કન્નડભાષામાં ગુરુદેવનો જીવનપરિચય આપ્યો. બપોરે શહેરના મુખ્ય સ્થળો રાજમહેલ, સુખડના તેલની ફેક્ટરી, ઝુગાર્ડન–પ્રાણીબાગ વગેરે જોયા. બપોરે ગુરુદેવના પ્રવચન વખતે સાથે સાથેજ કન્નડ ભાષાંતર થતું જતું હતું. બીજે દિવસે સવારે મૈસૂરથી બેંગલોર આવ્યા. રસ્તામાં અદ્ભુત ભક્તિ થતી હતી. બેંગલોરમાં બપોરે પ્રવચન બાદ, બાહુબલીસ્વામી કોતરેલી સુખડની પેટી સહિત અભિનંદનપત્ર ભેટ અપાયું. બેંગલોરથી રાણીપેઠ થઈને વાંદેવાસ આવ્યા.... કુંદકુંદપ્રભુના ધામમાં જતાં આજે કોઈ અચિંત્યભક્તિ થઈ હતી.

બાંદેવાસ પોન્નૂરપર્વત પાસેનું મોટું ગામ છે; ત્યાં જિનાલયમાં સીમંધરભગવાનની ખડ્ગાસન પ્રતિમાના દર્શન કરતાં આનંદ થયો. બીજે દિવસે સવારમાં (તા. ૨૬ જાન્યુ. ૧૯૬૪) મહા સુદ ૧૨–૧૩ના રોજ પોન્નૂરની યાત્રા માટે પ્રસ્થાન કર્યું. બાંદેવાસથી લગભગ પાંચમાઈલ દૂર પોન્નૂરપહાડ (પોન્નૂરમલય) છે. આનંદથી કુંદકુંદપ્રભુની ભક્તિ ગાતાંગાતાં ગુરુદેવ સાથે દસેક મિનિટમાં પર્વત પર પહોંચ્યા. અહા! કુંદકુંદપ્રભુએ જ્યાંથી શ્રુતગંગા વહાવી અને વિદેહયાત્રા કરી એવા આ પાવનધામની રમણીયતા કોઈ અનેરી જ છે. ચંપાવૃક્ષની નીચે એક શ્યામશિલા પર કુંદકુંદદેવના લગભગ બે ફૂટ લાંબા ચરણપાદૂકા કોતરેલા છે. તેની ઉપર દેરી અને તેની સન્મુખ વિશાળમંડપ બંધાયેલ છે. કહાનગુરુ બહુજ ભક્તિ ભાવથી એ પરમગુરુના પાવન ચરણોને ભેટયા.... ભાવપૂર્વક ચરણસ્પર્શન કર્યું; ને પછી પૂજન થયું. આસપાસના અનેક ગામો જૈનવસ્તીથી ભરપૂર છે, ત્યાંથી અનેક યાત્રિકો આ યાત્રાઉત્સવમાં આવ્યા હતા. પર્વત ઉપર પાંચ હજાર જેટલા યાત્રિકો ભેગા થયા હતા, ને યાત્રાસંઘની કુંદકુંદપ્રભુ પ્રત્યેની ભક્તિ દેખીને પ્રસન્ન થતા હતા. પૂજન બાદ ગુરુદેવે કુંદકુંદ પ્રભુની ભક્તિ ગવડાવીઃ– “મન લાગ્યું રે કુંદકુંદદેવમાં” એ સ્તવન

ગાતાં ગુરુદેવને બહુ ભાવો ઉલ્લસતા હતા. પછી પૂ. બેનશ્રીબેને વિધવિધ સ્તવનો વડે સુંદર ભક્તિ કરાવી હતી. "ગુરુકહાન તારા ચરણમાં ફરી ફરી કરે છે વંદના" એ સ્તવન પછી બીજું એક સ્તવન એવું ગવાયું કે તેમાં ભક્ત પોન્નૂરગિરિને પ્રશ્ન પૂછે છે કે 'હે પર્વત! મારા કુંદકુંદ પ્રભુ કેવા હતા? એના સન્દેશા તું મને સુણાવ....' અને પર્વત જાણે કે એનો જવાબ આપે છે! ઇત્યાદિ અનેક રચનાયુક્ત ભક્તિ થઈ હતી. ખૂબ જયજયકારથી વાતાવરણ ગાજી રહ્યું હતું. પર્વતની શિલાઓ ને વૃક્ષો પણ યાત્રિકોથી ઉભરાઈ રહ્યા હતા.–આમ ગુરુદેવ સાથે ઘણા આનંદપ્રમોદપૂર્વક કુંદકુંદ પ્રભુના પોન્નૂરધામની યાત્રા કરી.

યાત્રા કરીને નીચે આવતાં તળેટીમાં હજારો ભક્તો સહિત હાથીએ ગુરુદેવનું સ્વાગત કર્યું. તળેટીમાં તો મોટો મેળો ભરાયો હતો. પોન્નૂર પહાડથી ત્રણેક માઈલ દૂર પોન્નૂર ગામ છે, ત્યાંના બે જિનમંદિરોનાં દર્શન કર્યા. અહીંના જિનમંદિરમાં કુંદકુંદસ્વામી દર્શન કરવા પધારતા હતા. એ મંદિરમાં દર્શન કરતાં ઘણો આનંદ થયો. એ ઉપરાંત બાંદેવાસની બાજુમાં 'સપ્તમંગલમ્' માં પણ જિનમંદિરના દર્શન કર્યા. પોન્નૂરની સામે નજીકમાં જ ધવલગિરિ નામનો પહાડ છે, —વીરસેનસ્વામીએ ધવલાટીકાની રચના એ ધવલગિરિ ઉપર કરી હોવાનું મનાય છે. ગુરુદેવને એ સાંભળીને ઘણી પ્રસન્નતા થઈ હતી. બપોરે પ્રવચન હાઈસ્કૂલના ચોગાનમાં હતું, તેમાં ગુરુદેવ હિન્દીમાં બોલતા ને વચ્ચે પા–પા કલાકે તેનુ તામીલ ભાષાંતર કરવામાં આયતું હતું. પ્રવચન વખતે ત્રણ–ચાર હજાર માણસોની સભામાં કુંદકુંદપ્રભુનો ઘણો મહિમા ગુરુદેવે કર્યો હતોઃ 'અહા! તેમણે તો સીમંધરપ્રભુના સાક્ષાત્ દર્શન કરીને આ ભરતક્ષેત્રમાં–આ સ્થાનેથી–શ્રુતની નવીન પ્રતિષ્ઠા કરી છે. ' પ્રવચન બાદ, બીજા દિવસે પોન્નૂર પર કુંદકુંદપ્રભુના ચરણોના અભિષેકનો કાર્યક્રમ જાહેર થયો ને તે માટેની ઉછામણીમાં લગભગ ત્રીસ હજાર રૂા. થયા હતા.

બીજા દિવસે (મહા સુદ ૧૪) સવારમાં ફરીને પોન્નૂરધામની યાત્રા કરવા ચાલ્યા. અહા, જાણે કુંદકુંદપ્રભુજી સાક્ષાત્ દર્શન દેવા પધાર્યા હોય–ને તેમના દર્શન કરવા જતા હોઈએ–એવો આજે યાત્રિકોનો ઉમંગ હતો. દર્શનાદિ બાદ અભિષેકવિધિનો પ્રારંભ કરતાં ગુરુદેવે કહ્યુંઃ જુઓ, સૌ શાંતિથી સાંભળો....... આજે આ કુંદકુંદપ્રભુનો મોટો અભિષેક થાય છે. તેઓ વિદેહક્ષેત્રે ગયા હતા, ને સીમંધર ભગવાનની વાણી સાંભળી અહીં આવીને શાસ્ત્રો રચ્યા હતા. આજે મહા સુદ ૧૪ છે; આજનો અપૂર્વ દિવસ છે. અહીંથી ઉપર ગગનવિહાર કરીને તેઓ ભગવાન પાસે ગયા હતા. તેમનો આપણા ઉપર ઘણો મોટો ઉપકાર છે. તેમના અભિષેક–પૂજા થાય છે. આમ કહીને ગુરુદેવે પોતે માંગળિકપૂર્વક પૂજન શરૂ કર્યું. આજના પૂજનની એ વિશેષતા હતી કે ગુરુદેવ એકલા પૂજન પાઠ બોલતા હતા ને સૌ યાત્રિકો ભક્તિથી સાંભળતા હતા. બેનશ્રીબેન સ્વાહામંત્ર બોલે ત્યારે હજાર હજાર

યાત્રિકો એક સાથે અર્ઘ ચડાવતા હતા. પૂજન કરતાં કરતાં વચ્ચે અનેક પ્રકારે કુંદકુંદપ્રભુનો પોન્નૂરનો ને યાત્રાનો મહિમા ગુરુદેવ કરતા જતા હતા. તેઓ કહે કે આપણું ગામ પણ 'સોનગઢ' ને આ પોન્નૂરનો અર્થ પણ 'સુવર્ણનો ગઢ' થાય છે. —જેમ સોનાને કદી કાટ નથી તેમ પરમાર્થસિદ્ધાંતમાં કદી ફેર પડતો નથી. ભક્તિથી અષ્ટવિધ પૂજન બાદ જયમાલામાં એક કડી ગુરુદેવ બોલતા ને એક કડી ભક્તો બોલતા. પૂજન પછી અભિષેકપાઠ પણ ગુરુદેવ બોલ્યા હતા. અને પછી હાથમાં સુવર્ણકલશ લઈને કહાનગુરુ જ્યારે પોતાના પરમગુરુના પગ ધોવા ઊભા થયા ત્યારે હજારોભક્તોના હર્ષોલ્લાસથી પોન્નૂર પહાડ ગૂંજી રહ્યો.... બહુજ ભાવપૂર્વક એ કહાને પોતાના ગુરુનું પાદપ્રક્ષાલન કર્યું. કહાનદ્વારા કુંદચરણોના અભિષેકનું આ દ્રશ્ય દસહજાર જેટલી આંખો નીહાળી રહી હતી. અનેક યાત્રિકો નાચી ઉઠયા હતા. બીજા સેંકડો ભક્તોએ પણ અભિષેક કર્યો. ગુરુદેવને આજે કોઈ અનેરા ભાવો ઉલ્લસ્યા હતા. કેવો અચિંત્ય કુંદકુંદમહિમા તેમના હૃદયમાં ભર્યો છે તે અહીં જોવા મળ્યો. ઘણાઘણા ઉદ્‌ગારો વડે તેમણે એ મહિમા પ્રસિદ્ધ કર્યો; "હે કુંદકુંદ શિવચારી તુમકો લાખો પ્રણામ" ઈત્યાદિ ભક્તિ ગવડાવી. અને આજની યાત્રા તથા અભિષેકના મહા આનંદની સ્મૃતિરૂપે હસ્તાક્ષર આપતાં પોન્નૂર પર બેઠાબેઠા લખ્યું કે 'શ્રી સીમંધર ભગવાનના દરશન કરનાર ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યાદિ નમોનમઃ' પછી પૂ. બેનશ્રીબેને પણ અંતરની અનેરી ઉર્મિઓથી ભક્તિ કરી, તેઓશ્રીને પણ આજે ગુરુદેવ સાથે યાત્રા કરતાં અચિંત્ય ઉલ્લાસ હતો. પગલાંની બાજુમાં નાની ગૂફાઓ છે, તેનું પણ ગુરુદેવ સાથે સૌએ અવલોકન કર્યું. પોન્નૂરયાત્રા ના રંગીન ચિત્ર સહિત 'આત્મધર્મ' નો 'કુંદકુંદઅભિનંદનઅંક' અહીં પોન્નૂર ઉપર ગુરુદેવના હાથમાં અર્પણ કર્યો; અનેક અભિનંદનપત્રો પણ (તામિલ વગેરમાં) અપાય.... આમ ગુરુદેવ સાથે ઘણા મહાન ઉલ્લાસપૂર્વક પોન્નૂરધામની યાત્રા પૂર્ણ થઈ.

યાત્રા કરીને નીચે પધારતાં તળેટીમાં હજારો તામીલ બંધુઓએ ગુરુદેવનું સન્માન કર્યું. બપોરેનું પ્રવચન પણ અદ્‌ભુત હતું. પ્રવચન બાદ ત્યાંના શાસ્ત્રીજીએ ગુરુદેવના સ્વાગતનું ભાષણ કર્યું તેમાં તેમણે કહ્યું કે પહેલાં અમારી પાસે અહીં એક ચૂંબક હતું, ને એ ચૂંબક જ આજે આ સ્વામીજીને અહીં સુધી ખેંચી લાવ્યું છે. એ ચૂંબક તે કુંદકુંદાચાર્ય! ક્યાં પોન્નૂર! ને ક્યાં સૌરાષ્ટ્ર! છતાં એ બંનેને એક સૂત્રથી સાંકળનાર આ સમયસાર છે.—વગેરે અનેક સુંદર વાત તેમણે ભાષણમાં કરી. અનેક અભિનંદનપત્રો પણ વંચાયા. ત્યારબાદ હજારો લોકોના વિશાળ સમુદાય સાથે ગુરુદેવને ધામધૂમથી ગામમાં ફેરવીને તામીલદેશની જનતાએ હાર્દિક બહુમાન કર્યું. –જાણે કુંદકુંદ ભગવાનના આ પ્રતિનિધિ જ એમનો સન્દેશો લઈને આવ્યા હોય–એવો સૌને ઉમંગ હતો.

**જય હો સીમંધરભક્ત પ્રભુ કુંદકુંદનો!**
**જય હો પોન્નૂરના એ પવિત્ર સન્તનો!**
**જય હો એ સમયસાર-દાતારનો!**
**જય હો કુંદ પ્રભુના ભક્ત ગુરુકહાનનો!**
**જય હો પોન્નૂર પાવન તીર્થધામનો!**

યાત્રા પૂરી થઈ....ને બીજે દિવસે સવારે–મહા સુદ પુનમે–યાત્રિકોએ પ્રસ્થાન કર્યું. અહીંથી જુદા પડતી વખતની યાત્રિકોની લાગણી હૃદયદ્રાવી હતી. ઘણાખરા યાત્રિકો અહીંથી મદ્રાસ થઈને સીધા મુંબઈ તરફ ગયા. અને બાકીના યાત્રિકો ગુરુદેવ સાથે રહ્યા. ગુરુદેવના યાત્રાસંઘે પોન્નૂર (બાંદેવાસ) થી પાછા ફરતાં પહેલો મુકામ પાલમનેર કર્યો. પછી ટૂમ્કુર, ચિત્તલદૂર્ગ અને ધારવાર મુકામ કર્યો. યાત્રાપ્રવાસ ઘણો આનંદકારી હતો. ઠેરઠેર રસ્તામાં ગુરુદેવના દર્શન થતા; એકવાર પૂ. બેનશ્રીબેને કુંદકુંદપ્રભુની અદ્ભુત યાદગાર ભક્તિ કરાવી હતી. ધારવારથી નીપાની તરફ જતાં વચ્ચે દાવનગીરમાં યાત્રાસંઘની બીજી બસો મળેલી, આ રીતે રસ્તામાં એકાએક સાધર્મીઓનું પરસ્પર મિલન થતાં સૌ હર્ષિત થયા હતા. નીપાનીથી ત્રણેક માઈલ સ્તવનિધિ છે ત્યાં પાર્શ્વનાથપ્રભુના દર્શન કર્યા. ત્યારબાદ કરાડ થઈને પુના આવ્યા. પુનાથી નાશીક –ગજપંથા આવ્યા. તા. ૪ની બપોરે મંદિરમાં ભક્તિ વખતે ગુરુદેવે યાત્રાના મધુર સંભારણા યાદ કર્યા. બીજે દિવસે ઉત્સાહપૂર્વક ગજપંથાસિદ્ધિધામની યાત્રા કરી. ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રામાં આનંદ આવ્યો. ત્યારબાદ વચ્ચે ચાલુ પ્રવાસે માંગીતુંગી સિદ્ધિધામના દર્શન કરતાં કરતાં જલગાંવ આવ્યા, ને ત્યાં યાત્રાસંઘ સમાપ્ત થયો. પૂ. ગુરુદેવ જલગાંવથી બડવાની, દાહોદ, અમદાવાદ, સુરેન્દ્રનગર થઈને મહા વદ અમાસે રાજકોટ પધાર્યા. ત્યાર પછીના સમાચાર “વિવિધ સમાચાર” માં વાંચવા વિનંતિ છે.

**જય બાહુબલી**
**જય કુંદકુંદ**

卐




# વાસ્તવિક જીવન

આત્માનું વાસ્તવિક જીવન શું છે તે આચાર્યદેવ જીવત્વશક્તિના વર્ણનમાં દેખાડે છે. બહારની સગવડતાએ જીવવું કે અગવડતાએ ખેદખિન્ન થઈને જીવવું તે જીવનું ખરું જીવન જ નથી. અનંતશક્તિની સંપદાથી ભરપૂર એવા ચૈતન્યભાવમાં તન્મય રહીને સ્વાશ્રયપણે જ્ઞાન–આનંદમય જીવન જીવવું તે જ ખરું જીવન છે. શ્રી નેમનાથપ્રભુની સ્તુતિમાં કહ્યું છે કે હે ભગવાન!

**“તારું જીવન ખરું, તારું જીવન....**
**જીવી જાણ્યું નેમનાથે જીવન....”**

દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેક એકરૂપ ચૈતન્યમય ભાવપ્રાણને ધારણ કરીને ટકે તે જીવનું ખરું જીવન છે. ભાઈ, તારે સાચું જીવન જીવવું છે ને! તો તારા જીવનનું કારણ કોણ? તારા જીવનના પ્રાણ કોણ? તે ઓળખ. ચૈતન્યભાવ જ તારા જીવનનું કારણ છે. ચૈતન્યભાવ જ તારા પ્રાણ છે. આવી ચૈતન્યભાવને ધારણ કરનારી જીવત્વશક્તિની ઓળખાણ તે મોક્ષતત્ત્વની દાતાર છે. એ જીવનમાં આનંદ અને પ્રભુતાના ખજાના ભર્યા છે.

(—પહેલી શક્તિના પ્રવચનમાંથી)

卐

# ર.... ત્ન.... ત્ર.... ય.... ની આ.... રા.... ધ.... ના

## ( મોક્ષપ્રાભૃત ગા. ૪૭ થી ૫૩ ઉપરના પ્રવચનમાંથી )

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના તે જિનમુદ્રા છે, તે વીતરાગી જિનમુદ્રા જ મોક્ષના કારણરૂપ છે ને તે પોતે સિદ્ધિસુખ છે. મોક્ષ સુખના કારણરૂપ જે રત્નત્રય સ્વરૂપ જિનમુદ્રા તેને જ મોક્ષસુખ કહ્યું છે. જેમ પ્રવચનસારના પંચરત્નમાં ભાવલિંગી મુનિને જ મોક્ષતત્ત્વ કહ્યું છે, તેમ અહીં રત્નત્રયની આરાધનારૂપ જિનમુદ્રા તે મોક્ષસુખનું કારણ હોવાથી, તેમાં જ કાર્યનો ઉપચાર કરીને તેને જ મોક્ષસુખ કહ્યું છે. જિનમુદ્રા કેવી છે? કે ભગવાને જેવી આરાધી અને કહી તેવી છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના આરાધક, વીતરાગતાના પિંડ મુનિ ચાલ્યા આવતા હોય એ તો જાણે સાક્ષાત્ મોક્ષતત્ત્વ આવ્યું! અહા, આવી મુનિદશારૂપ જિનમુદ્રા જેને ન રુચે તેને આરાધનાનો જ પ્રેમ નથી. આવી **જિનમુદ્રા ધારક મુનિના સાક્ષાત્ દર્શન થતાં મુમુક્ષુજીવનું હૃદય આરાધના પ્રત્યેની ભક્તિથી ઉછળી જાય છે.** અરે, સ્વપ્નમાં પણ જેને આવી મુનિદશા પ્રત્યે અણગમો આવે, કે તેની અરુચિ થાય, તે જીવ ગહન ભવવનમાં ભટકે છે, કેમકે તેને આરાધના પ્રત્યે તિરસ્કાર છે. **ધર્મીને તો સ્વપ્નમાં પણ વીતરાગી સંત-ધર્માત્માનું બહુમાન આવે, સ્વપ્નમાં પણ મુનિ વગેરે ધર્માત્માના દર્શન થતાં ભક્તિથી તેના રોમ રોમ ઉલ્લસી જાય?**

સમ્યગ્દર્શન સહિતની ચારિત્રદશા હોય ત્યાં બહારમાં પણ દિગંબર દ્રવ્યલિંગ હોય; આ રીતે અંતરમાં ને બહાર વીતરાગ જિનમુદ્રા ધારણ કરનાર સંતમુનિઓ સ્વાધીન આત્મસુખને અનુભવે છે. આચાર્યદેવ પોતે આવા સ્વાધીન સુખને અનુભવે છે. આવી જિનમુદ્રાધારક ધર્માત્મા મુનિઓના દર્શનથી જેને પ્રમોદ અને ભક્તિ નથી આવતા તે જીવ આરાધનાથી ભ્રષ્ટ વર્તતો થકો સંસારમાં જ રખડે છે. ધર્મી જીવ તો આવા આરાધક મુનિને જોતાં પ્રમોદિત થાય કે **વાહ! ધન્ય આપની આરાધના! ધન્ય આપની ચારિત્રદશા! ધન્ય આપનો અવતાર! સાક્ષાત્ મોક્ષનું સાધન આપ કરી રહ્યા છો. -આમ પ્રમોદથી ધર્મીજીવ રત્નત્રયની આરાધનાની ભાવના પુષ્ટ કરે છે.**

રત્નત્રયના આરાધક ભાવલિંગી મુનિઓ આ લોક કે પરલોક બંનેના લોભરહિત નિરપેક્ષવૃત્તિથી અંતરમાં ચિદાનંદ પરમ તત્ત્વના ધ્યાનમાં મગ્ન હોય છે, તેઓ વર્તમાનમાં જ

મોક્ષસુખમાં મહાલી રહ્યા છે. ને અલ્પકાળે પૂર્ણ મોક્ષસુખને પામશે. જેના અંતરમાં લોભ રહે, આ લોકની સગવડતાની આકાંક્ષા રહે, પ્રતિકૂળતાનો ભય રહે, કે પરલોક સંબંધી આકાંક્ષા રહે તે જીવ પરમાત્મ તત્ત્વના ધ્યાનમાં રહી શકતો નથી. અરે, મોક્ષસુખની ઈચ્છા તે પણ લોભ છે, તે પણ દોષ અને આસ્રવ છે, ને તેટલો લોભ પણ મોક્ષસુખને રોકનાર છે. માટે ભાવલિંગી મુનિવરો તો નિર્લોભ થઈને પરમાત્મ તત્ત્વને ધ્યાવે છે, તેમાં પરમ આનંદરસનો જ પ્રવાહ વહે છે. નીચેની ભૂમિકામાં ધર્મીને જરાક રાગ હોય છે, પણ તેને તે રાગનો લોભ નથી, આ રાગ ઠીક છે–એવો લોભ નથી રાગના ફળમાં ઇન્દ્રપદ મળશે–એવો લોભ નથી, વિદેહક્ષેત્રમાં અવતાર થાય તો સારૂં–એવો પણ લોભ નથી; નિર્લોભ એવા પરમાત્મતત્ત્વને તેણે જાણ્યું છે. સર્વ પ્રકારના લોભરહિત થઈને પરમાત્મતત્ત્વના ધ્યાનમાં લીનતાથી મોક્ષ થાય છે. મોક્ષપ્રાપ્તિનો લોભ પણ મોક્ષને અટકાવે છે, તો બીજા લૌકિકપદાર્થના કે રાગના લોભની તો શી વાત? અરે જીવ! આવા વીતરાગભાવરૂપ આરાધના તે મોક્ષનું કારણ છે.

મુનિવરોની મતિ દ્રઢ સમ્યક્ત્વ વડે ભાવિત છે, એટલે દર્શનશુદ્ધિની દ્રઢતાપૂર્વક તેમને જ્ઞાનની પણ શુદ્ધતા પ્રગટી છે, આવા સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત દ્રઢચારિત્ર હોય છે, ગમે તેવા પરિસહ આવે તો પણ આત્મધ્યાનથી ડગે નહિ.–એવી સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રની દ્રઢ આરાધના વડે આત્માને ધ્યાવતાં ધ્યાવતાં તેઓ મોક્ષપદને સાધે છે, પરમાત્મપદને પામે છે. આવા **આરાધક જીવોનું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ ભવ્ય જીવોને આવી આરાધનામાં જોડે છે. આરાધક જીવોનું વર્ણન સાંભળતાં આરાધના પ્રત્યે ઉત્સાહ અને ભક્તિ જાગે છે. આ રત્નત્રયની આરાધના તે સર્વ ઉપદેશના સારભૂત છે.**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવાનું કહ્યું, તેમાં દર્શન અને જ્ઞાન તો આત્માના શ્રદ્ધા–જ્ઞાનરૂપ છે, પરંતુ ચારિત્ર કહેતાં બહારની ક્રિયારૂપ ચારિત્ર કોઈ ન સમજે, તે માટે આચાર્યદેવ ચારિત્રનું સ્વરૂપ સ્પષ્ટ દર્શાવતાં કહે છે કે ચારિત્ર આત્માનો સ્વધર્મ છે, અને તે આત્માનો સ્વભાવ જ છે; રાગ–રોષરહિત જીવના અનન્ય પરિણામ તે જ ચારિત્રધર્મ છે. તેમાં પરમ સામ્યભાવ છે, ક્યાંય ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ નથી. અહા, બધાય જીવો જ્ઞાનમય સિદ્ધ સમાન છે, વસ્તુદ્રષ્ટિએ જીવ અને જિનવરમાં કાંઈ ફેર નથી, જિનવર તે જીવ, ને જીવ તે જિનવર; આવી દ્રષ્ટિ તો ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિને પણ હોય છે, તે ઉપરાંત મુનિઓ તો ધ્યાનમાં એવા લીન થયા છે કે વીતરાગ પરિણામરૂપ સ્વધર્મ પ્રગટયો છે, પરિણતિમાં રાગ–દ્વેષ રહ્યા નથી,–આનું નામ ચારિત્રધર્મ છે. ચારિત્ર એ કોઈ વસ્તુ કે બહારની ક્રિયા નથી, એ તો જીવના અનન્ય વીતરાગ પરિણામ છે, તેમાં પરમ શાંતિ–નિરાકુળતા છે. અહા, આવી ચારિત્રદશામાં ઝુલતા સંત મોક્ષને સાધે છે.

પરમાત્મા હો કે પરમાણુ હો, કોઈ વંદન કરતો હોય કે કોઈ નિંદા કરતો હોય-સર્વત્ર સમભાવપૂર્વક, આત્મસ્વરૂપમાં એકાગ્રતા રહેવી-તેનું નામ ચારિત્ર છે. જુઓ, આ જીવનો સ્વધર્મ! જેમ જ્ઞાન તે જીવનો સ્વધર્મ છે તેમ આવું ચારિત્ર તે જીવનો સ્વધર્મ છે, તે જીવથી ભિન્ન નથી. જેમ જ્ઞાન-દર્શન તે આત્માથી જુદાં નથી તેમ ચારિત્ર પણ આત્માથી જુદું નથી. દેહમાં ચારિત્ર નથી, રાગમાં પણ ચારિત્ર નથી. રાગ તો આત્માના સ્વભાવથી જુદા પરિણામ છે, સિદ્ધદશામાં તે રાગ નીકળી જાય છે, પણ ચારિત્ર તો રહે છે. સ્વરૂપમાં સ્થિતિરૂપ તે ચારિત્ર આત્માનો સ્વાભાવિક ગુણ છે, તે સિદ્ધદશામાં પણ આત્મા સાથે અભેદ રહે છે.

આત્માના સ્વાભાવિક પરિણામ તો વિશુદ્ધ છે,-વીતરાગ છે, પણ પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ-મોહથી તેના પરિણામમાં મલિનતા થાય છે. જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો ઉજ્વળ નિર્મળ છે, તેમાં અન્યફૂલના સંસર્ગથી રાતા-કાળા વગેરે રંગની ઝાંઈ દેખાય છે; તેમ જીવદ્રવ્યમાં સ્વભાવથી રાગ-દ્વેષ મોહ નથી પણ તેના પરિણામ સ્વરૂપથી ચ્યૂત થઈ પરદ્રવ્ય સાથે સંબંધ કરીને રાગાદિરૂપ થાય છે, તે રાગાદિભાવો ખરેખર તેના સ્વધર્મો નથી. પરિણમન તો પોતાની પર્યાયમાં છે પણ તે પરિણામ સ્વભાવ સાથે અનન્યભૂત નથી. માટે તેને સ્વભાવથી અનેરાપણે જાણીને, અને જીવના વિશુદ્ધ ચૈતન્ય સ્વભાવને જાણીને તેમાં એકાગ્રતાથી વીતરાગી ચારિત્ર પ્રગટ કરવું અને રાગાદિ દોષ ટાળવા એવો ઉપદેશ છે.

રત્નત્રયના આરાધક ધર્માત્મા જ્યાંસુધી વીતરાગ ન થયા હોય ને નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર ન હોય ત્યારે, ધ્યાનની પરમ પ્રીતિપૂર્વક તેને ધ્યાન કરનારાઓ પ્રત્યે પણ વિનય-બહુમાન ને વાત્સલ્ય આવે છે. શ્રી અરિહંતદેવ તથા સિદ્ધપરમાત્મા પ્રત્યે અને ગુરુ પ્રત્યે વિનય-બહુમાન અને ભક્તિ આવે છે, ને પોતાના સમાન બીજા સાધર્મી ધર્માત્માઓ પ્રત્યે અનુરાગ-અનુમોદના આવે છે. મુનિઓને આવો ભાવ હોય છે તેમ કહેતાં તેના પેટામાં સમકિતી શ્રાવક-ગૃહસ્થોની વાત પણ આવી જાય છે. દેવગુરુ પ્રત્યે, -સાધર્મી ધર્માત્મા પ્રત્યે જેને વિનય-ભક્તિ-અનુરાગ ન હોય તેને તો ધર્મની પ્રીતિ જ નથી. ધર્મીની જેને રુચિ પ્રીતિ-નથી તેને ધર્મની જ રુચિ-પ્રીતિ નથી.

અહા, મુનિઓનું અને ધર્માત્માઓનું ધ્યેય તો ચૈતન્ય ધ્યાનમાં ઠરીને પૂર્ણ વીતરાગ થવાનું છે; પણ જ્યાંસુધી રાગ છે, ત્યાંસુધી વીતરાગતાને પામેલા દેવ અને વીતરાગતાના ઉપાસક એવા ગુરુ પ્રત્યે વિનય-ભક્તિ-બહુમાન આવે છે. પોતાને ધ્યાનની રુચિ છે એટલે ધ્યાનવંત ધર્માત્માને દેખાતાં તેમના પ્રત્યે પણ ભક્તિભાવ આવે છે. કુંદકુંદ આચાર્ય જેવાને પોતાને પણ આવો દેવ-ગુરુની ભક્તિનો ભાવ અને સાધર્મી પ્રત્યે પ્રમોદ આવે છે. અહા, **જેમના નિમિત્તથી આત્મા સમજાયો તેમના પ્રત્યે પરમ ભક્તિ આવે છે. સમ્યગ્દ્રષ્ટિ જ દેવ-ગુરુ પ્રત્યે સાચી ભક્તિ ઊલ્લસે છે, કેમકે તેને જ ખરી ઓળખાણ સહિતની ભક્તિ છે. મિથ્યા-**

**દ્રષ્ટિ તો રાગનો કેડાયત છે. રાગના પંથે ચાલનારો છે, તેને વીતરાગ પરમાત્માની ખરી ભક્તિ હોતી નથી. અને ધર્મી તો વીતરાગનો કેડાયત છે એટલે વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ તેને હોય છે. બહારથી કદાચિત અજ્ઞાનીને અને જ્ઞાનીને ભક્તિનું સરખાપણું દેખાય, પણ અંતરમાં મોટો આંતરો છે, જ્ઞાનીના અંતરમાં વીગરાગ સ્વભાવના સેવનપૂર્વકની ભક્તિ છે, અજ્ઞાનીના અંતરમાં રાગનું જ સેવન છે.**

**જ્ઞાની શિષ્ય જેનાથી આત્મજ્ઞાન પામ્યો તે ગુરુને કહે છે કે હે ગુરુ! આપના પ્રતાપે અમે ભવસાગરને તર્યા અનંત ભવસમુદ્રમાંથી આપે અમને પાર ઊતાર્યા... આપ ન મળ્યા હોત તો અમે સંસારમાં રખડતા હોત! આપે અમને પરમકૃપા કરીને પાર ઊતાર્યા. આપના ચરણના પ્રસાદથી જ અમને રત્નત્રયની આરાધનાની પ્રાપ્તિ થઈ. આપનો મહા ઉપકાર છે.** એ વાત નેમિચન્દ્રસિદ્ધાંત ચક્રવર્તીએ ગોમટ્ટસારમાં કરી છે.

સાધર્મી ધર્માત્મા કે ધર્મનું સેવન કરનારા સરખા સાધર્મી–તેના પ્રત્યે જેને પ્રેમ ન આવે–અનુમોદના ન આવે તેને ધર્મીની ને ધ્યાનની રુચિ જ નથી. ધર્મની પ્રીતી હોય તેને સમ્યગ્દર્શનાદિ ધરનાર પ્રત્યે પણ પ્રેમ હોય છે. ધર્મ ધર્મી વગર હોતો નથી. ધ્યાનનો દંભ કરે ને ધ્યાનવંત સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા પ્રત્યે પ્રેમ–વાત્સલ્ય–ભક્તિ ન આવે તો ધ્યાનની અનુરક્તિ તેને નથી. અરે, દેવ–ગુરુ ધર્માત્માના અમે દાસાનુદાસ છીએ–એમ જેને વિનય–બહુમાન નથી તેની વૃત્તિ ધર્મમાં નથી, તેની વૃત્તિ બહાર બીજે ક્યાંક ફરે છે–એમ સમજવું. જે દેવ–ગુરુની ભક્તિ સહિત છે, અને સંયમી–સાધર્મીઓ પ્રત્યે અનુરક્ત છે તે જ સમ્યક્ત્વનો ઉદ્વહક છે એટલે કે સમ્યક્ત્વની આરાધના સહિત છે, અને તેજ ધ્યાનરક્ત હોય છે. જેને દેવ–ગુરુ પ્રત્યે ભક્તિ કે સાધર્મી પ્રત્યે અનુરક્તિ નથી તેને સમ્યગ્દર્શન કે ધ્યાન હોતું નથી; ધ્યાન તે તો કલ્પનાના તરંગ છે.

ધ્યાન સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. સમ્યગ્દર્શન સહિત જ્ઞાની અંતર્મુહૂર્ત માત્રમાં જે કર્મો ખપાવશે, તે અજ્ઞાની ઉગ્રતપ વડે પણ ખપાવી શકતો નથી. અજ્ઞાનીના ઉગ્રતપ કરતાં પણ સમ્યગ્જ્ઞાનનું મહાન સામર્થ્ય છે. જ્ઞાની અંતરમાં ચૈતન્ય ઉપર મીટ માંડીને એક ક્ષણમાં અનંતા કર્મોને ખપાવી નાખશે. અજ્ઞાની ઘોર તપના કષ્ટ સહન કરીને ઘણા ભવોમાં જે કર્મ ખપાવશે, તે કર્મો ચૈતન્યની આરાધના વડે જ્ઞાની–ધર્માત્મા તપ વગર પણ ક્ષણમાત્રમાં ખપાવી નાંખશે. આવું સમ્યગ્જ્ઞાનનું પરમ સામર્થ્ય છે. માટે સમ્યગ્દર્શન–જ્ઞાનસહિત ચારિત્રની આરાધનાનો ઉપદેશ છે.

# મોક્ષના સાધક શૂરવીર હોય છે, તે રાગની પ્રીતિમાં રોકાતા નથી

[ પંચાસ્તિકાય ગાથા ૧ ઉપર માગશર વદ આઠમના પ્રવચનનો છેલ્લો ભાગ: આ લેખ આત્મધર્મના ગતાંકમાં છાપવાનો હતો, પણ પ્રવાસના કારણે તે છાપવો રહી ગયેલ, તેથી આ અંકમાં અપાયો છે. ]

ભગવાન તીર્થંકરદેવનો ઉપદેશ–કે જે નિર્બાધપણે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરાવનારો છે તે ઉપદેશ ઝીલીને જે જીવ ચિદાનંદસ્વભાવને સાધવા નીકળ્યો તેના પુરુષાર્થનો વેગ સ્વભાવ તરફ હોય છે. તે પરભાવ સામે જુએ નહિ, પરભાવની પ્રીતિમાં તે અટકે નહિ. 'આ રાગનો કણિયો શુભ છે તે મને કંઈક લાભ કરશે, કંઈક મદદ કરશે' –એમ રાગની સામે જોવા મોક્ષાર્થી જીવ ઊભો ન રહે,.... એ તો નિરપેક્ષ થઈને વીરપણે વીતરાગસ્વભાવ તરફની શ્રેણીએ ચડે છે. તીર્થંકરોની ને વીરસંતોની વાણી જીવને પુરુષાર્થ જગાડનારી છે. તે કહે છે કે અરે જીવ! તું વીતરાગમાર્ગને સાધવા નીકળ્યો–ને ત્યાં વચ્ચે પાછો વળીને રાગની સામે જોવા ઊભો રહે છે? ––અરે નમાલા! શું તું વીતરાગમાર્ગને સાધવા નીકળ્યો છો? શું આમ રાગની સામે જોયે વીતરાગમાર્ગ સધાતા હશે? તું વીતરાગમાર્ગ સાધવા નીકળ્યો ને હજી તને રાગનો રસ છે? ––છોડી દે એ રાગનું અવલંબન, છોડ એનો પ્રેમ! –ને વીર થઈને ઉપયોગને ઝુકાવ તારા સ્વભાવમાં. વીતરાગમાર્ગનો સાધક શૂરવીર હોય છે, તે એવો કાયર નથી હોતો કે ક્ષણિક રાગની વૃત્તિથી લૂંટાઈ જાય. 'વીરનો મારગ છે શૂરાનો........ કાયરનું નહીં કામ જો..... '


આ વાત સમજાવવા રાજપુત્રનું દ્રષ્ટાંત: એક રજપૂત, જુવાનજોધ તાજો જ પરણીને આવેલો ત્યાં તો રાજ ઉપર શત્રુ આવ્યા, તેને જીતવા માટે લડાઈમાં જવાની હાક વાગી.... રજપૂતને લડાઈમાં જવાનું થયું; રજપૂત માતાએ હસતે મુખડે દીકરાને વિદાય આપી. બહાદૂર રજપૂતાણીએ પણ બહાદૂરીથી પતિને વિદાય આપી. પણ––તે રજપૂત લડાઈમાં

જતાં જતાં નવી પરણેલી પત્ની ઉપર ઘણા પ્રેમને લીધે વારંવાર પાછો વળીને તેના મોઢા સામે જોયા કરે....ઝટ તેના પગ ઉપડે નહિ. ખરે ટાણે તેની આ ઢીલાશ જોઈને વીર રજપૂતાણીથી રહેવાયું નહિ, હાકલ પાડીને તેણે કહ્યું: ઊભા રહો. આ મોઢું ભેગું લેતા જાવ એટલે તમારું ચિત્ત લડાઈમાં લાગે.—એમ કહીને તેણે પોતાનું માથું કાપીને તેની સામે ધરી દીધું. રજપૂત તો આભો જ બની ગયો..... તેની માતા કહે છે: અરે કાયર! તેં રજપૂતાણીના દૂધ પીધા છે તે આ લડાઈમાં જવાના શૂરવીર થવાના ટાણે બાયડીનું મોઢુ જોવા તું રોકાણો? છોડ એ વૃત્તિ! શું આ રાગની વૃત્તિમાં રોકાવાના ટાણાં છે? અરે, આ તો શૂરવીર થઈને શત્રુને જીતવાના ટાણાં છે, અત્યારે રાગની વૃત્તિમાં રોકાવાનું ન હોય.... તેમ—

જે જીવ ચૈતન્યને સાધવા નીકળ્યો, ને એમ કહે કે રાગથી કાંઈક લાભ થશે, કયાંક રાગના અવલંબનથી જરાક લાભ થશે,—એમ રાગની વૃત્તિ સામે જોઈને કાયરપણે જે અટકયો છે, ને અંતરમાં ચૈતન્યમાં ઝુકાવતો નથી, એવા કાયરજીવને જિનવાણી માતા કહે છે કે અરે જીવ! તું શૂરવીર થઈને ચૈતન્યને સાધવા નીકળ્યો છો, તું વીરમાર્ગમાં મોહને જીતવા નીકળ્યો છો, તો રાગની રુચિ તને ન પાલવે. રાગની સામે જોઈને રોકવાના આ ટાણાં નથી; આ તો રાગની રુચિ તોડીને શૂરવીરપણે મોહશત્રુને મારવાના ને ચૈતન્યને સાધવાના ટાણાં છે. વીરમાર્ગના સાધક શૂરવીર હોય છે, તે એવા કાયર નથી હોતા કે રાગની વૃત્તિમાં અટકી જાય. વીરનો વીતરાગમાર્ગ શૂરાનો છે. એ તો રાગના બંધન તોડીને શૂરવીરપણે મોહશત્રુને હણે છે ને ચૈતન્યને સાધે છે.


# કહાન વાણીના કણિયા

## ( અષ્ટપ્રાભૃત પ્રવચનોમાંથી )



* રત્નત્રયની આરાધનામાં સ્વદ્રવ્યનું જ સેવન છે, પરદ્રવ્યનું સેવન નથી. આવા રત્નત્રયને જે જીવ આરાધે છે તે આરાધક છે. અને એવા આરાધક જીવ રત્નત્રયની આરાધનાવડે કેવળજ્ઞાન પામે છે, એ વાત જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે. રત્નત્રયની આરાધના પરના પરિહારપૂર્વક આત્માના ધ્યાનથી થાય છે.

* સમ્યગ્દર્શનથી જે શુદ્ધ છે તે સિદ્ધ છે. સમ્યગ્દર્શનનો આરાધક જીવ અલ્પકાળે સિદ્ધિ પામે છે, સમ્યગ્દર્શન વગરનો જીવ ઇષ્ટસિદ્ધિને પામતો નથી. આ રીતે મોક્ષની સિદ્ધિ માટે સમ્યગ્દર્શનની આરાધના પ્રધાન છે.



# વી ર નો મા ર્ગ


વીર માર્ગને સાધવા
નીકળ્યો તે રાગની
સામે જોવા ઊભો
ન રહે...




પરણીને આવ્યો ત્યાં
લડાઈની હાક પડી....
માતાએ તિલક કરીને
વિદાય આપી; રજપૂ-
તાણીએ પણ બહા-
દૂરીથી વિદાય આપી.



પણ.... !
પાછું વળીને સ્ત્રી
સામે જુએ છે.....




[ અહીં આ ચિત્રકથામાં સ્ત્રી છે તે રાગનું પ્રતિક છે; તે રાગની રુચિ રાખીને–રાગની સન્મુખતા રાખીને–મોક્ષમાર્ગ સાધવા જઈ શકાય નહિ; રાગની રુચિને છેદીને જ મોક્ષમાર્ગ સધાય છે–એવા માર્ગની પ્રેરણા જિનવાણીમાતા જગાડે છે. ]



રજપૂતાણી કહે છેઃ આ માથાનો રાગ તમને લડાઈમાં જતાં રોકે છે ને ! ! લ્યો ! આ માથું ભેગું લઈ જાવ ! !!



માતા કહે છેઃ અરે કાયર ! આ શૂરવીર-તાના ટાણે તું સ્ત્રીના રાગમાં રોકાણો ?



એ સાંભળતાવેંત રાગનાં બંધન તોડીને વીરતાપૂર્વક વિજય સાધવા નીકળ્યો. દુશ્મનો ભાગે છેઃ રજપૂત મારંમાર ઘોડે તલવાર ઉગામીને જાય છે.

વીર માર્ગને સાધવા નીકળેલા પરમાર્થરસિક જીવો કેવા પુરુષાર્થી હોય ને રાગની રુચિનાં બંધન તોડીને કેવી વીરતાથી ચૈતન્યને સાધે–તે દર્શાવતી આ ચિત્રકથા ઉપરથી સિદ્ધાંત સમજવા માટે આ અંકમાં છઠ્ઠા–સાતમા પાને પ્રસિદ્ધ થયેલ લેખ વાંચો.

# મન લાગ્યું રે કુંદકુંદ દેવમાં....

પોન્નૂર–તીર્થધામની અતિશય ઉમંગભરી યાત્રા પ્રસંગે મહા સુદ ૧૩ના રોજ પૂ. ગુરુદેવે ભાવભીના ચિત્તે ગવડાવેલું કુંદકુંદપ્રભુનું સ્તવન

ધન્ય દિવસ ધન્ય આજનો ધન્ય ધન્ય ઘડી તેહ
ધન્ય સમય પ્રભુ માહરો દરિશણ દીઠું આજ....

મન લાગ્યું રે મારું મુનિવરા....
મન લાગ્યું રે કુંદદેવમાં...
મન લાગ્યું રે મારા નાથમાં....

દર્શન-જ્ઞાન-ચારિત્રથી સાધ્યો સાધક ભાવ,
ચારિત્રદશા આરાધીને સાધ્યા ચૈતન્ય રાજ... મન લાગ્યું રે....

સીમંધર દેવનાં દર્શન કરી, હર્ષે આવ્યા નાથ,
ભવ્યો પર કરુણા કરી, તાર્યા તારણહાર.... મન લાગ્યું રે....

અણમૂલા શાસ્ત્રો રચી, અણમૂલા ભર્યા ભાવ,
ચાર સંઘ પર ઉપકાર કર્યો.... થંભાવ્યો શાસન રાહ.... મન લાગ્યું રે....
મારા ગુરુ પર ઉપકાર કર્યો, થંભાવ્યો શાસન રાહ.... મન લાગ્યું રે....

રજકણ રજકણ પાવન થયા, પાવન પોન્નૂરગિરિ ધામ....
-પાવન થયા વન ને પહાડ....
પાવન કુંદકુંદ વિચર્યા, ધન્ય ધન્ય આ ધામ.... મન લાગ્યું રે....

ધન્ય ભૂમિ ધન્ય ધૂળને, ધન્ય હૂઆ અમ ભાગ્ય,
સંઘ સાથે ( ગુરુવર સાથે ) દર્શન થયા, નીરખ્યા પવિત્ર ધામ... મન....

# તુમસે લગની લાગી.... મુનિવર...

**પૂ. ગુરુદેવ સાથે કુંદકુંદપ્રભુના પાવન સમાધિધામ કુંદાદ્રિની યાત્રા વખતે મહા સુદ ત્રીજના રોજ કુંદાદ્રિ પહાડ પર પૂ. બેનશ્રીબેને ગવડાવેલ કુંદકુંદપ્રભુની લગનીનું ભાવભીનું સ્તવન.**

તુમસે લગની લાગી મુનિવર.... તુમસે લગની લાગી....
કુંદકુંદપ્રભુની સમાધિભૂમિમાં તુમસે લગની લાગી....તુમસે લગની...

કુંદકુંદપ્રભુની પાવન ચરણે વન જંગલ ઊજિયારા....
કુંદકુંદપ્રભુના પાવનચરણે કુંદનગિરિ ઊજિયારી...
આ તપોભૂમિમાં ધ્યાન જ ધરતા મુનિવર આતમરામી....
મુનિવર આતમધ્યાની પ્રભુજી....તુમસે લગની લાગી....તુમસે લગની...

સીમંધર પ્રભુના દર્શન કરવા વિદેહધામ પધાર્યા....
અંતરના એ ભક્તિભાવે સાક્ષાત્ પ્રભુને ભેટયા....
સાક્ષાત્પ્રભુને ભેટયા મુનિવર... તુમસે લગની લાગી.... તુમસે લગની...

અપૂર્વ દિવ્ય ધ્વની સૂણીને અદ્ભુત ભાવો લાવ્યા....
શાસ્ત્રોમાં એ ભાવ ગૂથીને મુક્તિમાર્ગ બતાવ્યા....
મુક્તિમાર્ગ બતાવ્યા મુનિવર.... તુમસે લગની લાગી.... તુમસે લગની...

મુનિવરા! તું આતમ ધ્યાની અજબ શક્તિ ધારી,
લબ્ધિધારી આતમરામી બહુશ્રુતધારી જ્ઞાની,
બહુશ્રુતધારી જ્ઞાની મુનિવર.... તુમસે લગની લાગી.... તુમસે લગની...

દક્ષિણદેશમાં કુંદપ્રભુનાં પાવન ચરણો સોહે,
કુંદગિરિમાં કુંદપ્રભુનાં પાવન ચરણો સોહે,
તુજ ચરણોનાં દર્શન કરતાં ગુરુવરનાં મન મોહે,
ગુરુવરનાં મન મોહે.... મુનિવર... તુમસે લગની લાગી.... તુમસે લગની...

તુજ ચરણોથી વસુન્ધરા આ પાવન થઈ છે ભારી,
ગુરુવર સાથે દર્શન કરતાં આનંદ અપરંપારી,
આનંદ અપરંપારી મુનિવર....તુમસે લગની લાગી....તુમસે લગની...
ગુરુવર સાથે યાત્રા કરતાં આનંદ અપરંપારી,
તીર્થભૂમિનાં દર્શન કરતાં ગુરુવર મારા હરખે,
ગુરુદેવે આ ધામ બતાવ્યા ધન ધન ભાગ્ય હમારા,
ધનધન ભાગ્ય હમારા....મુનિવર....તુમસે લગની લાગી....તુમસે લગની...



## પા ર સ મ ણિ ::: આપ સમાન બનાયે...

સત્પુરુષ ઉપકારઅર્થે જે ઉપદેશ કરે છે તે શ્રવણ કરે ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે; પારસમણિનો સંગ થયો ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાં તો પારસમણિ નહીં અને કાં તો ખરૂં લોઢું નહીં. તેવી જ રીતે જે ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તે ઉપદેષ્ટા કાં તો સત્પુરુષ નહીં અને કાં તો સામો માણસ યોગ્ય જીવ નહીં. યોગ્ય જીવ અને ખરા સત્પુરુષ હોય તો ગુણો પ્રગટયા વિના રહે નહીં.

( શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા: ૮ )

# આચાર્યદેવ નિજવૈભવ દેખાડીને સ્વઘરમાં વાસ્તુ કરાવે છે

**ફાગણ સુદ ૧૧ ના દિને રાજકોટમાં શેઠ મોહનલાલ કાનજીભાઈ ઘીયાના સુપુત્ર રતિલાલભાઈના મકાનના વાસ્તુ પ્રસંગે પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી.**

**મોક્ષાર્થીની કાર્યસિદ્ધિ ચૈતન્યના અનુભવરૂપ સમ્યગ્દર્શનથી જ થાય છે; માટે સાચો કાર્યકર્તા તે છે કે જેણે સ્વાનુભવવડે સમ્યગ્દર્શન કાર્ય કર્યું.**

આ જગતમાં ભગવાન આત્મા સર્વોત્કૃષ્ટ પદાર્થ છે; આવા આત્માને દ્રષ્ટિમાં લઈને અનુભવ કરવામાં કોઈ બીજાની કે રાગની મદદ નથી. ચૈતન્યસ્વભાવ આત્મા છે તે જ સૌથી ઇષ્ટ પદાર્થ છે, તેને બીજો કોઈ પર પદાર્થ નથી તો ઇષ્ટ કે નથી અનીષ્ટ; એટલે ક્યાંય રાગ–દ્વેષ કરવાનું તેના સ્વરૂપમાં નથી. શરીર તો જડ છે, ને અંદર પાપની કે પુણ્યની જે વૃત્તિ ઊઠે છે તેનાથી પણ ભગવાન આત્મા પાર છે; તે પોતે આનંદરસથી ભરેલો છે. શુદ્ધનયવડે આવી નિર્વિકલ્પ વસ્તુનો અનુભવ થાય છે. એ શુદ્ધનય પોતે પણ નિર્વિકલ્પ છે. આવા શુદ્ધનયવડે ભગવાન આત્માને દેખતાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે તે ધર્મ છે; તે સમ્યગ્દર્શનની રીત છે. આવા આત્માનો અનુભવ તો બહુ આગળની વાત છે, તે પહેલાં સત્સમાગમે તેનો પરિચય કરીને આ વાત લક્ષમાં લેવી જોઈએ. શુદ્ધનયનું યથાર્થ લક્ષ પણ જીવે કદી કર્યું નથી. ભગવાન કુંદકુંદાચાર્ય વિદેહક્ષેત્રમાં જઈ સાક્ષાત્ સીમંધર પરમાત્મા પાસેથી દિવ્યધ્વનિમાં જે સાંભળી આવ્યા ને અંતરમાં જે અનુભવ્યું તે આ સમયસારમાં બતાવ્યું છે. તેમાં કહે છે કે અરે જીવ! શુદ્ધચૈતન્યસ્વરૂપ આ આત્મા પરથી ભિન્ન છે–એની વાત રુચિથી–પ્રીતિથી તેં કદી સાંભળી નથી, પરિચયમાં લીધી નથી કે અનુભવમાં લીધી નથી. તે વાત હું તને સમસ્ત નિજવૈભવથી બતાવું છું; તો તું પણ તારા નિજવૈભવથી તે અનુભવમાં લેજે. જુઓ, આ નિજવૈભવ દેખાડીને આચાર્યદેવ સ્વઘરમાં વાસ્તુ કરાવે છે.

આ ચૈતન્યપ્રભુ આત્મા ચેતનાલક્ષણસહિત બિરાજમાન છે. આ ચેતનાલક્ષણમાં કર્મચેતના નથી, હર્ષશોકરૂપ કર્મફળચેતના પણ તેમાં નથી; ચેતનાલક્ષણ તો રાગથી પાર

ને હર્ષશોકથી પાર છે. જે ચેતના આત્માને ચેતે–જાણે તે જ ખરું ચેતનાલક્ષણ છે. અજ્ઞાનભાવે અનાદિથી અશુદ્ધ વેદન કરી રહ્યો છે. તેને બદલે 'હું જ્ઞાતા છું' એવી અંતરદ્રષ્ટિ વડે શુદ્ધતાનું ને શાંતિનું વેદન પણ પોતે કરી શકે છે. આ ચૈતન્યના સ્વાદનું વર્ણન વાણીમાં આવી શકે નહિ. જડના સ્વાદથી તો જુદો ને રાગના સ્વાદથી પણ પર–એવો જે શાંત–અનાકુળ સ્વાદ, તેનો પિંડ આત્મા છે. આ ભાષામાં કે રેકોર્ડિંગની પટ્ટીમાં શબ્દો ઊતરે છે, કાંઈ અરૂપી આત્મા એમાં નથી ઊતરતો. અરૂપી આત્મા જ્યાં રાગના વેદનમાંય નથી આવતો, ત્યાં જડ વાણીમાં તો તે ક્યાંથી આવે? સમ્યગ્દર્શના પ્રથમ દરજ્જે એટલે કે ધર્મની શરૂઆતના કાળે પ્રથમ આવો આત્મસ્વાદ આવે છે. એના મહિમાની અપારતા છે. જિનવાણી માતા એનાં ગુણગાનના હાલરડાં ગાય છે.... જેમ લૌકિકમાં માતા હાલરડાં વડે બાળકનાં વખાણ સંભળાવીને તેને સુવડાવે છે.... કેમ કે પોતાનાં વખાણ ગોઠે છે એટલે તે સાંભળતાં સૂઈ જાય છે; તેમ જિજ્ઞાસુને આત્માના નિજગુણની પ્રીતિ છે. ભગવાન તીર્થંકરદેવ અને તેમના પ્રતિનિધી સંત–મુનિવરો જિનવાણીરૂપી હાલરડાં વડે ગુણગાન કરીને આત્માને જગાડે છેઃ અરે જીવ! જાગ! તારો આ અચિંત્ય મહિમા દેખ! આવા આત્માને દ્રષ્ટિમાં લઈને પછી અંતરમાં લીનતાથી અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલે તેનું નામ ચારિત્રદશા અને મુનિપણું છે. આવો આત્મા જેણે દ્રષ્ટિમાં લીધો તે પૂર્ણાનંદના પંથે ચડયો, તે મોક્ષના પંથે વળ્યો. અહા, ચૈતન્યના અનુભવ પાસે ઈંદ્રના ઇન્દ્રાસન પણ તૂચ્છ લાગે છે. ચક્રવર્તીના વૈભવ પણ તરણાં જેવા લાગે છે. અરે, ચૈતન્યના અનુભવને કોની ઉપમા અપાય? એની ઉપમા આપી શકાય એવો કોઈ પદાર્થ જગતમાં નથી. જ્યાં આવો આત્મા સ્વાદમાં આવ્યો ને સમ્યગ્દર્શન થયું ત્યાં ધર્મીજીવ નિજકાર્યનો કર્તા થયો, તે જ ધર્મનો ખરો કાર્યકર્તા છે. બહારનાં કાર્ય તો કોણ કરે છે? મોક્ષાર્થીની કાર્યસિદ્ધિ તો ચૈતન્યના અનુભવરૂપ સમ્યગ્દર્શનથી જ થાય છે. માટે સાચો કાર્યકર્તા તે છે કે જેણે સ્વાનુભવ વડે સમ્યગ્દર્શનરૂપ કાર્ય કર્યું.

## જાગૃતિ

મુમુક્ષુમાત્ર સમ્યગ્દ્રષ્ટિ જીવ સમજવા નહિ.

જીવને ભુલવણીનાં સ્થાનક ઘણાં છે, માટે વિશેષ વિશેષ જાગૃતી રાખવી; મુંઝાવું નહિ, મંદતા ન કરવી. પુરુષાર્થધર્મ વર્ધમાન કરવો.

શ્રીમદ્ રાજચંદ્ર

# વીતરાગની વાણી આત્માને જીવતો કરે છે

**વીતરાગની વાણી સાંભળતાં અંદરમાં વીજળી જેવો ઝણઝણાટ થાય છે ને આત્મા જાગી ઊઠે છે. ભાઈ! ચિદાનંદપ્રાણને દ્રષ્ટિમાં ઝીલીને તારા ચૈતન્યને જીવતો કર. અરે! વિકારનું કર્તૃત્વ મારા ચૈતન્યમાં નથી; મારું ચૈતન્ય તો વિકારનું અકર્તા છે-આ વીતરાગવાણીને આત્મામા ઝીલીને તું તારા ચૈતન્યને જીવતો કર. અનાદિથી અજ્ઞાનને લીધે ભાવમરણને પ્રાપ્ત થતો હતો તેને વીતરાગની વાણીએ જીવતો કર્યો. વાહ, જુઓ તો ખરા! વીતરાગની વાણી આત્માને જીવતો કરે છે.**

[ રાજકોટઃ ફા. સુ. ૩, સમયસારકલશટીકા પર પ્રવચનમાંથી ]

શુદ્ધચૈતન્યસિંધુ એવો આત્મા અંતરમાં બિરાજમાન છે, તેને દ્રષ્ટિમાં લેવા માટે અંદર કેટલી ધીરજ જોઈએ? બહારની વાત તો દૂર રહી, અંદરના વિકલ્પોથી પણ પાર ચૈતન્યવસ્તુ છે. તે ચૈતન્યવસ્તુને જીવે કદી જાણી નથી. અનાદિનો ‘અજ્ઞ’ રહ્યો છો, હવે તેનું જ્ઞાન કરીને ‘સજ્ઞ’ થા.... અરે પ્રભુ! તારો સ્વભાવ અંદર પૂર્ણ પડયો છે તેનો સત્કાર કર.... તેને ઉપાદેય કર.... એમ સર્વજ્ઞ પરમાત્માની નિર્દોષવાણીમાં ફરમાવ્યું છે. આ સિવાય વિકારને ઉપાદેય કહે તે વાણી વીતરાગની નહિ, તે દોષીલા જીવની વાણી છે. ચૈતન્યસત્તા પોતાના અનંત ધર્મોથી ભરપૂર, —જે અનુત્પન્ન, અમિલન ને અવિનષ્ટ છે—એવી ત્રિકાળી સ્વતંત્ર સત્તા, તેને પરથી ભિન્ન અંતરમાં દેખવી-તે અનેકાન્ત છે. વસ્તુ પોતે ગુણપર્યાયસ્વરૂપ છે; અભેદદ્રષ્ટિથી ગુણ-પર્યાયો તે જ વસ્તુ છે; આત્માં અને તેના જ્ઞાનઆનંદ વગેરે ગુણો એકમેક છે. આવા એકમેક સ્વભાવને દ્રષ્ટિમાં લે તો તને સમ્યગ્દર્શન થશે.

## “એક દેખીએ, જાણીએ, રમી રહીએ ઈક ઠોર”

આત્માના જે જે ગુણ-પર્યાયોપણે આત્માને જુઓ તે ગુણ-પર્યાયપણે આત્મા જ પ્રતિભાસે છે. પરથી તો આત્મા ભિન્ન જ ભાસે છે, ને પોતાના ગુણપર્યાયોથી એકમેક ભાસે છે. આહા! પોતાના ગુણપર્યાય પોતાની સાથે એકમેક છે, પછી બીજો તેમાં શું કરે? બીજાના ગુણ-

પર્યાયોથી તારી અત્યંત ભિન્નતા છે, ત્યાં બીજામાં તું શું કરી શકે? અરે, તારા જ્ઞાતાદ્રષ્ટાના ચૈતન્યપ્રાણ, તેનાથી તારું જીવન છે. તેને બદલે પરના કર્તાપણે તું તારું જીવન માને છે તેમાં તો ઊંધી માન્યતા વડે તું તારા ચૈતન્યજીવનને મારી નાંખે છે.... વિકારની કર્તૃત્વબુદ્ધિથી તો ચૈતન્યનું મરણ થાય છે, જે શાંત–આનંદથી ભરેલું ચૈતન્યજીવન તે વિકારના કર્તૃત્વમાં રહેતું નથી. ભાઈ! ચિદાનંદપ્રાણને દ્રષ્ટિમાં ઝીલીને તારા ચૈતન્યને જીવતો કર. અરે, વિકારનું કર્તૃત્વ મારા ચૈતન્યમાં નહિ, મારું ચૈતન્ય વિકારનું તો અકર્તા છે—આવી વીતરાગવાણીને આત્મામાં ઝીલીને તું તારા ચૈતન્યને જીવતો કર. અનાદિથી અજ્ઞાનભાવને લીધે મરણને પ્રાપ્ત થતો હતો તેને વીતરાગની વાણીએ જીવતો કર્યો! ... વાહ, જુઓ તો ખરા. વીતરાગની વાણી આત્માને જીવતો કરે છે. પરમગુરુ શ્રી તીર્થંકર દેવનો ઉપદેશ સાંભળતાં ભાવમરણ મટે છે. અહા! અમે તો ચૈતન્યજ્યોત છીએ, વિકાર અમારાં કામ નહિ, તેના અમે કર્તા નહિ, અમે તો જ્ઞાતા! –આમ જ્યાં વીતરાગની વાણી ઝીલીને અંતરમાં વળ્યો ત્યાં ભ્રાંતિ ટળી ને સમ્યક્ત્વ થયું, અંતરમાં વીજળી ઊતરી ગઈ. ચૈતન્યભગવાન જીવતો થયો..... જુઓ, આ વીતરાગની વાણી!! તે સાંભળતાં અંદરમાં વીજળી જેવો ઝણઝણાટ થાય છે ને આત્મા જાગી ઊઠે છે. ચૈતન્ય બાદશાહ આત્મા છે, વિકારના કર્તૃત્વ જેટલો પામર આત્મા નથી, આત્મા તો અનંતશક્તિનો ધણી ચૈતન્ય બાદશાહ છે, તેની દ્રષ્ટિ કરતાં આત્મા 'ધર્મધૂરંધર' થાય છે. —ચૈતન્યને દ્રષ્ટિમાં લીધો ત્યાં ધર્મની ધૂરા આત્માએ ધારણ કરી....

ભાઈ, તારા ચૈતન્યની પ્રાપ્તિ તારામાં સુલભ છે.... એમાં તારે બીજા કોઈની સહાય લેવી પડે તેમ નથી, સ્વાધીનપણે તેની પ્રાપ્તિ અંતરમાં થાય છે. –આવું બતાવનારી વીતરાગવાણી પૂજ્ય છે. આવો પવિત્ર સ્વભાવ તો પૂજ્ય–આદરણીય છે, એ સ્વભાવને પામેલા પરમાત્મા પણ પૂજ્ય છે. ને એ સ્વભાવને બતાવનારી વાણી પણ પૂજ્ય છે. અહા, જે વાણીએ નિમિત્તપણે આવો ચિદાનંદ સ્વભાવ બતાવ્યો તે વાણીને પણ નમસ્કાર છે. –તે વાણી સદાય જયવંત રહો.

અનેકાન્તમય એ વાણી ચૈતન્યનો અનેકાન્તસ્વભાવ દર્શાવનારી છે. આવી વાણી કોણ ઝીલે? કે અંતરના પુરુષાર્થની વીરતા જેનામાં હોય તે જ અંતરદ્રષ્ટિવડે આ વાણી ઝીલી શકે. શ્રીમદ્ કહે છે કેઃ–

**વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસમૂળ,**
**ઔષધ એ ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.**

રાગથી ધર્મ થાય, બહારથી ધર્મ થાય એવી પરાધીન દ્રષ્ટિ તે કાયરતા છે. એવા કાયરજીવો વીતરાગની વાણીને ઝીલી શકતા નથી. અંતર્મુખ થઈને એકવાર જેણવીતરાગની વાણી

ઝીલી તેના ભવરોગનો નાશ થઈ જાય છે. વીતરાગ સ્વભાવને અનુસરતી જે વાણી તે વીતરાગની વાણી છે, તેને અહીં નમસ્કાર કર્યો છે.

ભગવાનની વાણી જડ–અચેતન હોવા છતાં તેને પૂજ્ય કેમ કહી? તો કહે છે તે વાણી સર્વજ્ઞસ્વભાવની અનુસારિણી છે; નિમિત્તપણે તે વાણી તે સર્વજ્ઞસ્વભાવને દેખાડનારી છે, માટે નિમિત્ત તરીકે તે પણ પૂજ્ય છે. જ્યારે વાણીનું વાચ્ય પકડયું ત્યારે વાણી પ્રત્યે પણ બહુમાન આવ્યું કે વાહ! આવા ચિદાનંદસ્વભાવને આ વાણી બતાવે છે! અહા, વીતરાગની આ વાણીએ આત્માને જીવન આપ્યું

## સર્વ દુઃખદમનનો અમોઘ ઉપાયઃઃ પરમાત્મભાવના

જ્યારે યુદ્ધમાંથી વૈરાગ્ય પામીને બાહુબલીએ દીક્ષા લીધી અને તેમની હજારો રાણીઓ પણ દીક્ષા માટે ભગવાનના સમવસરણમાં ચાલી ગઈ... ને ભરત ચક્રવર્તીના મહેલમાં દુઃખથી હાહાકાર છવાઈ ગયો, ત્યારે તે દુઃખની શાંતિ માટે ભરતરાજે શું કર્યું? તે વખતે ભરતરાજ પોતાના મનમાં એમ વિચારવા લાગ્યા કે—

સંસારમાં કોઈપણ દુઃખ કેમ ન આવે! પરંતુ પરમાત્માની ભાવના એ બધા દુઃખને દૂર કરી નાખે છે. તેથી આત્મભાવના કરવી યોગ્ય છે. –આમ વિચારી આંખ મીંચીને તેઓ આત્મનિરીક્ષણ કરવા લાગ્યા. અને તેના ચિત્તમાં વ્યાપેલું દુઃખ કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું? ખરેખર, નિજ–પરમાત્માનું દર્શન સર્વ દુઃખદમનનો અમોઘ ઉપાય છે.

(ભરતેશવૈભવ પૃ. ૩૮૩–૩૮૫ ના આધારે)

પરદ્રવ્યથી અત્યંત વિભક્તપણું સાધવા માટે

# ભેદજ્ઞાની ધર્માત્માનો અભ્યાસ

## શુદ્ધોપયોગની ભાવનાથી ભરેલું અને વીતરાગી માધ્યસ્થભાવથી નીતરતું પૂ. ગુરુદેવનું પ્રવચનઃ

## (પ્રવચનસાર ગા. ૧૫૯-૧૬૦)

આત્મા ઉપયોગસ્વરૂપ છે; તેનો જે ઉપયોગ રાગથી રંજિત છે, અશુદ્ધ છે, (પછી ભલે તે અશુભ હો કે શુભ હો) –તે બંધનું કારણ છે. તે અશુદ્ધ ઉપયોગનો વિનાશ કેમ થાય તેની આ વાત છે. શુદ્ધોપયોગવડે જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવનાથી અશુદ્ધતાનો નાશ થાય છે. આ રીતે શુદ્ધોપયોગ તે બંધના નાશનું સાધન છે. ભેદજ્ઞાની જીવ શુદ્ધોપયોગનો અભ્યાસ કયા પ્રકારે કરે છે, તે બતાવે છે—

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯**

વનજંગલમાં પૂર્ણાનંદ શુદ્ધસ્વભાવને રાગથી અત્યંત ભિન્ન સાધીને જેમણે ચૈતન્યશક્તિના તાળાં ખોલી નાખ્યા છે, ચૈતન્યના ભંડારમાંથી આનંદના ખજાના બહાર કાઢયા છે, એવા સંત કહે છે કે અહો, મારા ચૈતન્યસ્વરૂપને ધ્યાવતો થકો હું સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે અત્યંત મધ્યસ્થ થાઉં છું; અશુભની તો વાત દૂર રહો, શુભમાં પણ નથી જોડાતો, શુભ પણ પરદ્રવ્યને અનુસરીને જ થાય છે. હું તો પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થ થઈને એક સ્વદ્રવ્યને જ અનુસરું છું. સ્વદ્રવ્યને અનુસાર પરિણમતાં શુદ્ધોપયોગ થાય છે. આવો શુદ્ધોપયોગી થઈને હું મારા ઉપયોગસ્વરૂપ આત્મામાં જ નિશ્ચળ રહું છું. આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે, આ જ મોક્ષનો પ્રયત્ન છે.

ભાઈ, તારે શુદ્ધતા પ્રગટ કરવી હોય તો તું અંતર્મુખ થઈને તારા આત્માને જ અનુસર; પરદ્રવ્યને ન અનુસર. ઉપયોગ જ્યારે સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્ય અનુસાર

પરિણતિને આધીન થાય છે ત્યારે જ તે મલિન થાય છે, બીજા કોઈ કારણથી નહિ. **માટે શુદ્ધોપયોગને અર્થે મુમુક્ષુએ સમસ્ત પરદ્રવ્યોનો આશ્રય છોડીને એક સ્વદ્રવ્યનો આશ્રય કરવો.** સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થતા ક્યારે થાય? -કે સ્વદ્રવ્ય તરફ વળે ત્યારે. હજી જેને પરથી ભિન્નતાનો અભિપ્રાય નથી, રાગથી ભિન્નતાનું ભાન નથી, પરની ક્રિયાથી ને રાગથી લાભ માને છે તેને તેના પ્રત્યે મધ્યસ્થતા કેમ થશે? જેનાથી લાભ માને તેનાથી વિમુખ કેમ થાય? તેનો પક્ષપાત કેમ છોડે? અહીં તો જેણે પરથી ભિન્નતાનું ભાન કર્યું છે, રાગથી પાર ચૈતન્યનું ભાન કર્યું છે, તે ધર્માત્મા હવે સંપૂર્ણ વીતરાગતાને માટે કેવો પુરુષાર્થ કરે છે? તેની વાત છે. જગતના બધા પદાર્થો-નિંદાના શબ્દો કે સાક્ષાત્ દિવ્યધ્વનિ, સિદ્ધ પરમાત્મા કે નિગોદ, પરમેશ્વર કે પરમાણુ-તે સમસ્ત પરદ્રવ્યો મારાથી અત્યંત ભિન્ન છે; તેમના પ્રત્યે અત્યંત મધ્યસ્થ થઈને હું ઉપયોગસ્વરૂપ મારા આત્માને જ અવલંબુ છું. આમ સ્વદ્રવ્યના અવલંબનમાં અશુદ્ધઉપયોગનો નાશ થાય છે, એટલે પરદ્રવ્યનો સંગ થતો નથી, આત્મા એકલો શુદ્ધપણે-મુક્તપણે શોભે છે. પરદ્રવ્યથી અત્યંત વિભક્તપણું (એટલે કે મોક્ષ) સાધવાની આ રીત છે.

અહો, પહેલાં તો અંતરમાંથી વિશ્વાસનો એવો ધ્વનિ ઊઠવો જોઈએ કે મને મારા સ્વદ્રવ્યના અવલંબનમાં જ લાભ છે. મારા જ્ઞાનના ને આનંદના સંપૂર્ણ નિધાન સ્વદ્રવ્યમાં જ છે. એ સિવાય કોઈ પણ પરદ્રવ્યને અનુસરવાથી મને લાભ નથી. આવો વિશ્વાસનો ધ્વનિ આવે ને સ્વજ્ઞેયનો અચિંત્ય મહિમા ભાસે તો સ્વદ્રવ્ય તરફ ઉપયોગ વળે ને શુદ્ધતા થાય. આ સિવાય બીજા લાખ ઉપાયે પણ શુદ્ધતા થાય નહીં ને શુદ્ધતા થયા વગર પરદ્રવ્યનો સંગ છૂટે નહીં ને જન્મ મરણ મટે નહીં.

આચાર્યદેવ કહે છે કે હું પરપ્રત્યે મધ્યસ્થ થઈને સ્વદ્રવ્યમાં લીન થાઉં છુ. પરપ્રત્યે મધ્યસ્થ થાઉ છું એટલે તે તરફથી મારા ઉપયોગને પાછો ખેંચું છું, ને સ્વદ્રવ્ય તરફ ઢળું છું; તેમાં મારા ઉપયોગને એકાગ્ર કરીને નિશ્ચળ રહું છું. ઉપયોગ વડે જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માને જ ધ્યાવું છું. આ લખતી વખતે તો વિકલ્પ છે પણ અંદર શુદ્ધોપયોગની ભાવનાનું જોર છે; વિકલ્પ તરફ ઉપયોગનું જોર જરાપણ નથી, ઉપયોગનું જોર સ્વભાવ તરફ જ છે, બીજી જ ક્ષણે વિકલ્પ તોડીને અંદર સ્વરૂપમાં ઉપયોગ ઠરી જાય છે.

આચાર્યદેવ કહે છે કે અમે આમ કરીએ છીએ, -ઉપયોગને અંતરમાં વાળીને આત્માને ધ્યાવીએ છીએ માટે હે જીવો! તમે પણ આ પ્રમાણે કરો. તમે પણ ઉપયોગને અંતરમાં વાળીને આત્માને ધ્યાવો ને પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થ થાઓ. જુઓ, આ મોક્ષ માટેનો ધર્માત્માનો અભ્યાસ! કેવો અભ્યાસ કરવો? -કે પરદ્રવ્ય પ્રત્યે અત્યંત મધ્યસ્થ

થઈને સ્વદ્રવ્યમાં ઉપયોગને નિશ્ચળ કરવાનો અભ્યાસ કરવો; આ અભ્યાસ જ મોક્ષનું કારણ છે, તે જ કર્મના અભાવનું કારણ છે.

જેનાથી તીર્થંકરપ્રકૃતિ વગેરે કર્મ બંધાય એવા ભાવનો અભ્યાસ કે ભાવના ધર્મીને નથી, ધર્મીને તો ચૈતન્યમાં લીન થઈને શુદ્ધોપયોગ પ્રગટ કરવાનો અભ્યાસ અને ભાવના છે. તેનાથી જ સમસ્ત કર્મબંધ છેદાય છે. જેનાથી કર્મબંધ થાય તેની ભાવના ધર્મીને કેમ હોય? ——ન જ હોય. ઉપયોગ જો પરદ્રવ્યને અનુસરે તો તેમાં અશુદ્ધતા થાય છે ને કર્મો બંધાય છે, ને ઉપયોગ જો સ્વદ્રવ્યને અનુસરે તો તેમાં શુદ્ધતા થાય છે ને કર્મબંધ છૂટી જાય છે. માટે ભગવાનના આગમનો (પ્રવચનનો) આ સાર છે કે સ્વદ્રવ્યને અનુસરવું. પરથી અત્યંત ભિન્ન જાણીને ઉપયોગસ્વરૂપ નિજઆત્માનું જ અવલંબન કરવું. આ જ કલ્યાણનો પંથ છે. ચારે અનુયોગનો આ સાર છે; માટે હે ભવ્ય! ચારે અનુયોગના પ્રવચનમાંથી તું આ જ સાર કાઢજે.

જ્ઞાનસ્વરૂપ આત્માને સ્વજ્ઞેય બનાવીને, શુદ્ધોપયોગ વડે તેમાં નિશ્ચલ રહેનાર ધર્માત્મા પરદ્રવ્યો પ્રત્યે અત્યંત મધ્યસ્થ છે તેનું આ વર્ણન છે.

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહિ,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિ. ૧૬૦**

મારો જ્ઞાનસ્વરૂપ આત્મા જ મારું સ્વજ્ઞેય છે; શરીર, વાણી કે મન મારા સ્વજ્ઞેય નથી, તે પરજ્ઞેય છે, તે પરદ્રવ્ય હોવાથી તેના પ્રત્યે મને કાંઈપણ પક્ષપાત નથી, તેમના પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું

અહા, જુઓ તો ખરા આ ભેદજ્ઞાનની અપૂર્વ ભાવના! આ ભાવના ભાવવા જેવી છે. જ્ઞાનસ્વભાવ સન્મુખની આ ભાવના ભવનો નાશ કરનારી છે.

શરીરાદિ પરદ્રવ્યોની ક્રિયામાં મારું કિંચિત કારણપણું નથી, શરીર, વાણી કે મન તેના સ્વરૂપનો આધાર અચેતનદ્રવ્ય છે, હું તેનો જરાપણ આધાર નથી. મારા આધાર વગર જ તેઓ પોતાના સ્વરૂપે વર્તી રહ્યા છે. વાણી બોલાય તે અચેતન દ્રવ્યના આધારે બોલાય છે, મારા આધારે નહિ; મારા આધાર વગર જ તે તેના સ્વરૂપે વર્તે છે. 'હું વ્યવહારે તો તેનો કર્તા છું ને?' –એમ જેને પક્ષપાત છે તેને પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થતા થતી નથી, તેને પરની ઉપેક્ષા થતી નથી.

ધર્મી તો સમજે છે કે હું જ્ઞાન છું. મારા જ્ઞાનને અને પરને કાંઈ લાગતુંવળગતું નથી, અત્યંત ભિન્નતા છે. માટે પરદ્રવ્યનો પક્ષપાત છોડીને હું તો મારા જ્ઞાનસ્વરૂપમાં જ વળું છું; આ રીતે હું અત્યંત મધ્યસ્થ છું.

અરે ભાઈ, એકવાર તું આ વાત લક્ષમાં તો લે. બીજો પક્ષ છોડીને આ વાત લક્ષમાં લે. નજીકનું એવું આ શરીર–મન કે વાણી તેનો આધાર પણ તું નથી, તેઓ પણ તારા આધાર વગર જ નિજસ્વરૂપે કાર્ય કરી રહ્યાં છે, તો જગતના બીજા પદાર્થોની શી વાત! **છોડ એનો પક્ષપાત! થા અત્યંત મધ્યસ્થ, પર પક્ષ છોડ ને જ્ઞાનનું લક્ષ કર**....શરીરાદિ અચેતન, અને હું જ્ઞાનમૂર્તિ ચેતન;—તે અચેતન પદાર્થોની ક્રિયાનો આધાર હું કેમ હોઉં? આધારપણે, કર્તાપણે, પ્રયોજકપણે કે અનુમોદકપણે પરદ્રવ્યના કાર્ય સાથે મારે કિંચિત્ સંબંધ નથી. તેની સાથે મારે કાંઈજ લાગતુંવળગતું નથી, માટે તેનો પક્ષપાત છોડીને, અત્યંત મધ્યસ્થપણે હું મારામાં જ રહું છું. આ પ્રમાણે જેને પરના કાર્યોની દ્રષ્ટિ અત્યંત ઊડી જાય તે સ્વના કાર્યને સંભાળી શકે. પણ જ્યાં પરના કાર્યોનું અભિમાન કરીને તેમાં એકત્વબુદ્ધિથી વર્તતો હોય ત્યાં સ્વ તરફ ક્યાંથી વળે? સ્વજ્ઞેય અને પરજ્ઞેયની અત્યંત ભિન્નતા જેણે જાણી નથી તે પરજ્ઞેયથી નિરપેક્ષ થઈને સ્વજ્ઞેયમાં ક્યાંથી આવશે?

ભેદજ્ઞાનવડે સ્વ–પરજ્ઞેયની અત્યંત વહેંચણી કરીને જ્ઞાની જાણે છે કે શરીરાદિનાં કાર્યોનું કારણ અચેતનદ્રવ્ય છે, હું તેનું કારણ નથી; મારા કારણપણા વગર જ તેઓ સ્વયં ખરેખર કારણવાળા છે. શરીરની ક્રિયા જીવના કારણ વગર થાય? કે હા, જીવ કારણ થયા વગર જ તે અચેતનદ્રવ્યો ખરેખર કારણવાળા છે. તો પછી મારે તેનો પક્ષ કેમ હોય? —હું તો અત્યંત મધ્યસ્થ છું મારી દશા વચ્ચે અને તેની દશા વચ્ચે અત્યંત ભેદ છે, અત્યંત જુદાઇ છે, અત્યંત નિરપેક્ષતા છે. માટે મારા સ્વજ્ઞેયને જ અવલંબતો થકો હું આ પરદ્રવ્યો પ્રત્યે અત્યંત મધ્યસ્થ છું; તેમના પ્રત્યે મને જરાપણ રાગ કે દ્રેષ નથી. આ જ્ઞેય આમ પરિણમે તો ઠીક, ને આમ પરિણમે તો અઠીક, અગર હું જરાક કારણ થઈને ( કે નિમિત્ત થઈને ) તેમને પરિણમાવું–એવો બિલકુલ પક્ષપાત મને નથી. હું તો જ્ઞાતા થઈને મધ્યસ્થ રહું છું.

અહા, જુઓ તો ખરા... આ મધ્યસ્થભાવના! જ્ઞાનસ્વભાવસન્મુખની આ ભાવના ભવનો નાશ કરનારી છે, ફરીને શરીરાદિ પરદ્રવ્યનો સંયોગ જ ન થાય તે ભવભ્રમણ જ ન રહે—એવી ભેદજ્ઞાનની અર્પૂવ ભાવના છે. આ ભાવના ભાવવા જેવી છે. આ ભાવના કરતાં જ્ઞાનસ્વભાવના આશ્રયે એકદમ હળવો થઈ જાય, આકુળતાનો બોજો મટી જાય.

જો પરનો પક્ષપાત કરું તો હું મારા જ્ઞાનજીવનને ખોઈ બેસું. હું તો જ્ઞાન છું; મારું કારણપણું તો મારા જ્ઞાનભાવમાં જ છે, પરમાં ક્યાંક મારું કારણપણું નથી–આમ ભેદજ્ઞાન કરીને જ્ઞાનસ્વભાવ તરફ વળવાને બદલે જેના અભિપ્રાયમાં એમ જોર આવે કે ‘હું નિમિત્તકારણ તો છું ને! વ્યવહારથી તો પરનું કારણ છું ને! ’ —તેના અભિપ્રાયમાં પરનો પક્ષપાત છે, તેને હજી પરદ્રવ્યના અભિમાનના ઉકરડાથી ખસવું નથી, તેને મધ્યસ્થજ્ઞાતા નથી રહેવું પણ હજી પર તરફ ઝૂકીને તેનું નિમિત્ત થવું છે.

અરે મૂઢ! તું તારા જ્ઞાનસ્વભાવની ભાવનામાં રહે ને પરને નિમિત્ત થવાની ભાવના છોડ, સ્વપરજ્ઞેયોને અત્યંત ભિન્ન જાણીને સ્વજ્ઞેય તરફ વળ, ભાઈ! તેમાંજ મધ્યસ્થતા ને વીતરાગતા છે.

શરીર ચાલે કે વાણી બોલાય, તેનું કર્તા અચેતનદ્રવ્ય છે. આત્મા કાંઈ તેનો કર્તા નથી. આત્મા કર્તા થયા વગર જ, અચેતન વડે જ તે કાર્યો કરાય છે. અજ્ઞાની કહે છે કે શું મારા વગર થાય? શું આત્મા વિના બોલાય? હા ભાઈ, આત્મા કર્તા થયા વગર જ વાણી બોલાય છે, આત્મા કર્તા થયા વગર જ જગતના કાર્યો થાય છે, માટે પરદ્રવ્યના કર્તૃત્વની બુદ્ધિ છોડ, તેનો પક્ષપાત છોડ, તેનાથી ભિન્ન એવા જ્ઞાનસ્વભાવમાં વળીને મધ્યસ્થ થા. આ જ સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મની રીત છે, આ જ સત્યનો રાહ છે.

હું પરનો આધાર, હું દેહાદિની ક્રિયાનું કારણ એમ અજ્ઞાનદશામાં જે પક્ષપાત હતો તે ધર્માત્માએ ભેદજ્ઞાન વડે છોડી દીધો છે, ને સાક્ષાત્ અકર્તા–સાક્ષી એવા જ્ઞાનસ્વભાવનું સ્વસંવેદ કરીને અત્યંત મધ્યસ્થતા પ્રગટ કરી છે.

# આત્મા શરીરનો કર્તા હોવામાં સર્વથા વિરોધ છે

ગાથા ૧૬૨ની ટીકામાં છેલ્લે આચાર્યદેવ સ્પષ્ટ કહે છે કે ‘અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે.’

જુઓ, આચાર્યદેવ કહે છે કે આત્મા શરીરાદિનો કર્તા હોવામાં સર્વથા વિરોધ છે, પણ એમ નથી કે કથંચિત્ (વ્યવહારે) કર્તાપણું પણ છે. જેમ શરીરની વાત કરી તેમ વાણી–મન વગેરે સમસ્ત પરદ્રવ્યોની ક્રિયામાં પણ આત્મા કર્તા હોવામાં સર્વથા વિરોધ છે અને જેમ કર્તા હોવામાં સર્વથા વિરોધ છે તેમ તેનો આધાર હોવામાં પણ સર્વથા વિરોધ છે. તેનું કારણ હોવામાં પણ સર્વથા વિરોધ છે. જેમ પુદ્ગલમય પરદ્રવ્ય તે આત્મા હોવામાં સર્વથા વિરોધ છે, તેમ તે પુદ્ગલના કાર્યોનુ કર્તાપણું આત્મામાં હોવાનો પણ સર્વથા વિરોધ છે, આત્મા તેનો સર્વથા અકર્તા છે.

* ભાઈ, તું તો જ્ઞાનતત્ત્વ છો.

* જ્ઞાનતત્ત્વ સ્વ–પરનું જાણનાર હોવામાં કાંઈ વિરોધ નથી.

* પણ જ્ઞાનતત્ત્વ પરનું કાંઈ પણ કરે એમાં સર્વથા વિરોધ છે.

* જ્ઞાન પરનું કરે એવો વ્યવહાર નથી પણ જ્ઞાન પરને જાણે–એવો વ્યવહાર છે.

* કર્તાપણું તો સર્વથા ઉડાડી દીધું.

* આવું અત્યંત ભેદજ્ઞાન કરીને પરદ્રવ્યનો પક્ષપાત છોડી દે.... .... ....

* જ્ઞાનને અંતરમાં–સ્વજ્ઞેયમાં વાળીને અત્યંત મધ્યસ્થ થા.

અરે જીવ! તારું જ્ઞાનતત્ત્વ પરના ભાર વગરનું હળવું વીતરાગી છે, તેમાં પરની મિથ્યાકર્તૃત્વબુદ્ધિથી પરનો ભાર શા માટે વધારે છે? જ્ઞાનમાં રહીને અત્યંત મધ્યસ્થ થા, તારા ઉપયોગને રાગથી પણ જુદો પાડીને શુદ્ધ કર. શુદ્ધ ઉપયોગ જ પરદ્રવ્યનના સંગનું અકારણ છે, એટલે કે મોક્ષનું કારણ છે.

શરીર અને આત્માને અત્યંત ઘનિષ્ટ સંબંધ કહ્યો હોવા છતાં કર્તાપણાનો સંબંધ તો જરાપણ નથી. આત્મા શરીરનાં કાર્યોને કરે એવો જરાપણ સંબંધ હોવામાં અત્યંત વિરોધ છે. 'સંબંધ' કહ્યો છે ને? –પણ કાંઈ એકતા તો નથીને? જરા પણ એકતા નથી ને અત્યંત ભિન્નતા છે, એટલે જરાપણ કર્તાપણું, કારણપણું કે આધારપણું નથી; આમ જાણતો હોવાથી ધર્માત્મા કોઈ પરદ્રવ્યના કાર્યનો અનુમોદક પણ નથી ને પ્રયોજક પણ નથી. જ્ઞાની તો સહજ શુદ્ધ જ્ઞાન–દર્શન સ્વભાવના સ્વસંવેદનમય પોતાને અનુભવે છે. આત્મા અનુમોદક થયા વગર જ શરીર આદિનાં કાર્યો તો સ્વયં થાય જ છે. "આ કાર્ય આમ થાય તો ઠીક" –એવી જીવની અનુમોદના ન હોય તો પણ જગતના પદાર્થો તો સ્વયં પોતપોતાના કાર્યને કરી રહ્યા જ છે. માટે આત્મા ખરેખર પરદ્રવ્યના કાર્યનો અનુમોદક નથી.

અરે જીવો, જ્ઞાનીને જો પરદ્રવ્યના કર્તાપણે કે અનુમોદક પણે દેખશો તો તેની ઓળખાણમાં તમારી ભૂલ થશે.... તમે ભ્રમમાં પડશો. આ પ્રવચનસારશાસ્ત્રના શબ્દો રચાય છે કે વાણી બોલાય છે માટે અમે (આચાર્ય) તેના કર્તા હશું કે જડની ક્રિયાના અનુમોદક હશું એમ જો માનશો તો અમને અન્યાય થશે, અમારી ઓળખાણમાં તમારી ભૂલ થશે. માટે ભ્રાંતિમાં ન પડશો. અમે તો આત્મા છીએ, અમારી સંમતિ–અમારી અનુમોદના તો ચિદાનંદસ્વભાવમાં જ છે. એનાથી ભિન્ન સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે અમે અત્યંત અકર્તા છીએ. તેનું જરાપણ કર્તાપણું, કારણપણું, અનુમોદકપણું અમને નથી, એક દોકડો પણ નથી.

વાહ! જુઓ તો ખરા આ સંતોની દશા, વનમાં બેઠા બેઠા જડ ચૈતન્યની અત્યંત ભિન્નતા કરીને જ્ઞાનસ્વભાવમાં મશગુલ થઈને અત્યંત મધ્યસ્થ થયા છે. આવું મધ્યસ્થપણું તે સર્વ પ્રવચનનો સાર છે.

# ....રા....ત્રિ....ચ....ર્ચા....માં....થી....

અંતર્સ્વભાવસન્મુખ થવું તે જ માર્ગ છે.... કોઈ પણ તત્ત્વ લ્યો—સર્વજ્ઞતા હો કે ક્રમનિયમિત પર્યાય હો, —કોઈ પણ તત્ત્વનો સમ્યક્નિર્ણય સ્વભાવની સન્મુખતાવડે જ થાય છે.

'હું જ્ઞાન છું' —એવા નિર્ણયના બળવડે રાગથી ભિન્ન થઇને સ્વભાવસન્મુખ થાય ત્યારે જ સર્વજ્ઞતાનો અને ક્રમનિયમિત પર્યાયનો ખરો નિર્ણય થાય છે.

ક્રમનિયમિત પર્યાયના નિર્ણયનું ફળ રાગાદિનું અકર્તાપણું છે, અને તે અકર્તાપણું જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ થાય છે. જ્યાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા ન હોય ત્યાં ક્રમનિયમિત પર્યાયનો કે સર્વજ્ઞતાનો પણ સમ્યક્ નિર્ણય હોતો નથી.

જાણનારો પોતે, પોતે પોતાને જાણ્યા વગર પરનું નક્કી કરશે કોણ ? સ્વસન્મુખ થઈને 'હું જ્ઞાન છું' અમે નક્કી કર્યા વિના જ્ઞેયની પર્યાયનો કયા પ્રકાર છે તેનું સાચું જ્ઞાન થાય નહીં.

જેને રાગાદિ પરભાવોમાં કર્તૃત્યબુદ્ધિ તો પડી છે, રાગથી જાુદું જ્ઞાનરૂપ પરિણમન તો થયું નથી, તો અજ્ઞાનમાં રહીને નિયમિતક્રમપર્યાયનો નિર્ણય તે ક્યાંથી કરશે ? જેને સાચો નિર્ણય હોય તે તો સ્વસન્મુખ થઈને જ્ઞાનભાવપણે પરિણમે, ને તેને રાગદિનું અકર્તાપણું થાય. પોતામાં જ્ઞાનરૂપ પરિણમ્યા વગર અને રાગના અકર્તાપણે પરિણમ્યા વગર, જેમને રાગનું કર્તૃત્વ સર્વથા છૂટી ગયું છે ને જેઓ એકલા જ્ઞાનરૂપ થયા છે એવા ભગવાન સર્વજ્ઞદેવનો સમ્યક્નિર્ણય થાય નહિ. સર્વજ્ઞનો નિર્ણય કરનાર પોતે જ્ઞાનરૂપ થઈને તે નિર્ણય કરે છે, પોતે રાગરૂપ થઈને તે નિર્ણય કરી શકાતો નથી.

જાણનારને જાણ્યા વગર એટલે કે સ્વસન્મુખ થયા વગર પરજ્ઞેયની ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થાય નહિ ને કર્તાપણું છૂટે નહિ.

જ્યારે જાણનારને જાણ્યો એટલે કે સ્વસન્મુખ થયો ત્યારે, રાગથી જાુદો પડીને અકર્તા થયો ત્યારે જ જ્ઞાતા થઈને જ્ઞાનરૂપ પરિણમ્યો, ને ત્યારે જ ક્રમનિયમિતપર્યાયનો નિર્ણય સાચો થયો.

હું પરને કરું કે રાગને કરુ એવો જ્યાં ભાવ છે ત્યાં જ્ઞાતાપણાનો ભાવ રહેતો નથી, અને જ્ઞાતાપણા વગર કર્તાપણું ટળતું નથી; ને જ્યાં કર્તાપણું હોય ત્યાં ક્રમનિયમિત પર્યાયનો ખરો નિર્ણય હોતો નથી.

આ રીતે અંતર્સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાનમયભાવપણે પરિણમવું તે જ તત્ત્વનિર્ણયનો મૂળ માર્ગ છે.

# સંસારરૂપી જેલમાંથી કેમ છૂટયા ?

**આ ફાગણ સુદ ૧૨ ના રોજ રાજકોટ શહેરમાં સેન્ટ્રલ જેલના સુપ્રીન્ટેન્ડન્ટ તરફથી વિનંતી થતાં પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ત્યાંના કેદીઓને દર્શન દેવા તથા સદુપદેશના બોધવચનો સંભળાવવા પધાર્યા હતા. ત્યાંના કરુણ અને વૈરાગ્યપ્રેરક વાતાવરણમાં ગુરુદેવે લાગણીભીના હૃદયે જે શબ્દો કહ્યા તે અહીં આપવામાં આવ્યા છે. જેલના કેદીભાઈઓ ગુરુદેવના આ બોધવચનો સ્મરણમાં રાખી પોતાના જીવનને સન્માર્ગે વાળે-એમ ઈચ્છીએ.**

જુઓ ભાઈ, આ દેહમાં રહેલો આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ કાયમી વસ્તુ છે, તે અવિનાશી છે; ને પાપ, હિંસા વગેરે જે દોષ છે, તે ક્ષણિક છે, તે કાંઈ કાયમી વસ્તુ નથી, એટલે તેને ટાળી શકાય છે. ક્રોધ–માન વગેરે દોષ તો આત્મા અજ્ઞાનથી અનાદિનો કરતો જ આવે છે ને તેથી તે આ સંસારરૂપી જેલમાં પૂરાયેલો છે, તેમાંથી કેમ છૂટાય ? તે વિચારવું જોઈએ. દોષ તો પહેલાં દરેક આત્મામાં હોય છે, પણ તેનું ભાન કરીને એટલે કે 'આ મારો અપરાધ છે પણ તે અપરાધ મારા આત્માનું કાયમી સ્વરૂપ નથી, ' એમ ઓળખાણ કરીને તે અપરાધને ટાળી શકાય છે ને નિર્દોષતા પ્રગટાવી શકાય છે. જેમ પાણી ભલે ઊનું થયું તો પણ તેનો સ્વભાવ તો ઠંડો છે, અગ્નિને ઠારી નાંખવાનો તેનો સ્વભાવ છે; એટલે જે અગ્નિ ઉપર તે ઊનું થયું તે જ અગ્નિ ઉપર જો તે પડે તો તે પાણી અગ્નિને બુઝવી નાંખે છે, તેમ આ આત્મા શાંત–શીતળસ્વભાવી છે, ને ક્રોધાદિ તો અગ્નિ જેવા છે; જો કે પોતાની ભૂલથી જ આત્મા ક્રોધાદિ કરે છે, પણ તે કાંઈ તેનો અસલી સ્વભાવ નથી; અસલી સ્વભાવ તો જ્ઞાન છે તેનું ભાન કરે તો ક્રોધાદિ ટળી જાય છે ને શાંતરસ પ્રગટે છે. આત્મામાં ચૈતન્યપ્રકાશ છે તે દોષ અને પાપના અંધકારને નાશ કરી નાંખે છે. અહીં (જેલમાં) પણ ભીત ઉપર લખ્યું છે કે 'બધા દુઃખનું મૂળકારણ અજ્ઞાન છે, ' તે અજ્ઞાનને લીધે જ આ સંસારની જેલના બંધનમાં આત્મા બંધાયો છે; તેમાંથી છૂટવા માટે આત્માની ઓળખાણ અને સત્સમાગમ કરવા જોઈએ. આવો અમૂલ્ય મોંઘો મનુષ્યઅવતાર મળ્યો, તે કાંઈ ફરીફરીને નથી મળતો, માટે તેમાં એવું સારૂં કામ કરવું જોઈએ કે જેથી આત્મા આ ભવબંધનની જેલમાંથી છૂટે. શ્રીમદ્ રાજચંદ્ર નાની ઉંમરમાં કહે છે કે—

**બહુ પુણ્યકેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,**
**તોયે અરે, ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?**

આવો મનુષ્યદેહ રત્નચિંતામણિ સમાન છે, તેમાં શાંતિથી આત્માને સાવધાન કરીને મનુષ્યભવ સફળ કરવા જેવું છે; નહિતર તો આ રત્ન, ચૌટામાં પડેલા રત્નની જેમ ચોરાઈ જશે. બધાય આત્મામાં (અહીં બેઠા છે તે દરેક આત્મામાં પણ) એવી તાકાત છે કે પ્રભુતા પ્રગટાવી શકે ને દોષનો નાશ કરી નાંખે, આત્માના ભાન વડે સજ્જનતા પ્રગટાવીને દોષનો નાશ થઈ શકે છે. કોઈ વ્યક્તિ ઉપર દ્વેષ ન હોય. બધા આત્મામાં પ્રભુતા ભરી છે, તેનું પોતે ભાન કરીને તે પ્રગટાવી શકે છે.

ક્ષણિક આવેશથી તીવ્ર રાગ–દ્વેષમાં કે ક્રોધમાં તણાઈ જાય તો આત્માનું ભાન ન થાય. વિચાર કરવો જોઈએ કે અરે! જીવનમાં કેવું કાર્ય કરવા જેવું છે! સત્સમાગમે આત્માનું ભાન નાના બાળક પણ કરી શકે છે, અરે, સિંહ વગેરે પશુ પણ એવું ભાન કરી શકે છે, પાપીમાં પાપી જીવ પણ ક્ષણમાં પોતાના વિચાર પલટીને આવું ભાન કરી શકે છે; 'સો ઉંદર મારીને બિલ્લી પાટે બેઠી' –એમ ઘણાં પાપ કર્યા ને હવે જીવન કેમ સુધરી શકે? –એવું નથી; ભાઈ, પાપનું પ્રયશ્ચિત કરીને, ક્ષણમાં પાપને ટાળી શકાય છે ને જીવનને સુધારી શકાય છે. આ મનુષ્યભવ પામીને એ કરવા જેવું છે.

# વિદ્વત્તા અને જ્ઞાન

વિદ્વત્તા અને જ્ઞાન એક સમજવાનું નથી, એક નથી,
વિદ્વત્તા હોય છતાં જ્ઞાન ન હોય.
સાચી વિદ્વત્તા તે કે જે આત્માર્થે હોય, જેનાથી આત્માર્થ સરે,
આત્મત્વ સમજાય, પમાય; આત્માર્થ હોય ત્યાં જ્ઞાન હોય,
વિદ્વત્તા હોય વા ન પણ હોય.

(શ્રી. રા. ઉપદેશનોંધ: ૧૯)




**રાજકોટમાં સમવસરણ અને માનસ્તંભનું શિલાન્યાસઃ-** દક્ષિણદેશના તીર્થધામોની ઉત્સાહભરી યાત્રા કરીને મહા વદ અમાસના રોજ પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા, ત્યાં ઉમંગથી સ્વાગત થયું. સવારે સમયસારની કળશટીકા (જે હિંદીમાં છપાય છે) તેના ઉપર, તથા બપોરે નિયમસાર ઉપર સુંદર પ્રવચનો થતા, રાત્રે તત્ત્વચર્ચા થતી. ગુરુદેવ રાજકોટમાં ફાગણ સુદ ૧૨ સુધી રહ્યા; ફાગણસુદ ૧૨ ના રોજ રાજકોટ–જિનમંદિરની પ્રતિષ્ઠાની વર્ષગાંઠ હતી. ફાગણસુદ ત્રીજના રોજ રાજકોટ શહેરમાં શ્રી સમયવસરણ મંદિર અને માનસ્તંભ–એ બંનેના શિલાન્યાસનું મુહૂર્ત એક સાથે થયું. પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં ને તેમની મંગલ છાયામાં એક સાથે બંનેનું શિલાન્યાસ કરતાં રાજકોટની જનતાને તથા સર્વે મુમુક્ષુઓને ઘણો ઉત્સાહ થતો હતો. શરૂઆતમાં પૂજનાદિ બાદ ગુરુદેવના સુહસ્તે મંગલ–સ્વસ્તિક કરાવીને શેઠ શ્રી મૂળજીભાઈ ચત્રભુજ લાખાણીના કુટુંબીજનોએ હર્ષોલ્લાસપૂર્વક શ્રી સમવસરણ મંદિરનું શિલાન્યાસ કર્યું અને શેઠ શ્રી મોહનલાલ કાનજીભાઈ ધીયા તથા તેમના કુટુંબીજનોએ હર્ષોલ્લાસપૂર્વક શ્રી માનસ્તંભનું શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે સમવશરણ તથા માનસ્તંભ માટેના ફંડની રકમો જાહેર થઈ હતી–જેમાં ત્રણલાખ રૂા. ઉપર થયા હતા. આ મંગળ પ્રસંગ માટે રાજકોટના મુમુક્ષુઓને ધન્યવાદ! અષ્ટાહ્નિકા પ્રસંગે નંદીશ્વર મંડલ વિધાન પણ થયુ હતું. ફાગણ સુદ ૧૩ ની સવારમાં જોરાવરનગર થઈને ફા. સુદ ૧૪ ના ગુરુદેવ રખિયાલ સ્ટેશને પધાર્યા.

**રખિયાલમાં વેદીપ્રતિષ્ઠા મહોત્સવઃ-** રખિયાલમાં લગભગ ૬૦ હજારના ખર્ચે નૂતન જિનમંદિર બંધાયું છે; તેમાં જિનેન્દ્ર ભગવંતોની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ ફાગણ સુદ ૧૪ થી ફા. વદ ત્રીજ સુધી ગુરુદેવની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. ગુજરાતની જનતાએ પોતાના અનોખા ભક્તિભાવથી આ ઉત્સવને શોભાવ્યો. ગુજરાતના દિ. જૈન સમાજમાંથી પાંચ હજાર ઉપરાંત માણસો આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા. ચોસઠઋદ્ધિધારી ભગવંતોનું મંડલવિધાન, ઇન્દ્રપ્રતિષ્ઠા વગેરે વિધિ ઉપરાંત રોજ રાત્રે ભક્તિ–ભજન થતા, તેમાં ગુજરાતી ભાઈઓ હર્ષથી નૃત્ય કરતા. ગુજરાતના સમાજમાં ભાઈશ્રી બાબુભાઈનો સારો પ્રભાવ છે; આ પ્રસંગે તેમણે ઉલ્લાસથી સુંદર વ્યવસ્થા કરીને ઉત્સવને શોભાવ્યો હતો, ને પોતે સજોડે આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી. રખિયાલની પ્રતિષ્ઠા એ ગુજરાતનો એક મહાન ઉત્સવ હતો; ઉછામણી વગેરેમાં સૌ હોંશથી ભાગ લેતા, તેમાં સવાલાખ ઉપરાંતની આવક થઈ હતી.

બે હાથી અને રથ વગેરે બીજા અનેકવિધ સજધજથી દરેક જુલુસ ખૂબ શોભતા હતા. છેલ્લી રથયાત્રા તો અદ્‌ભુત ઉલ્લાસકારી હતી, ને તે રથયાત્રા જોવા માટે આસપાસના ગામોની જૈન–અજૈન જનતા હજારોની સંખ્યામાં ઉમટી પડી હતી, ચારેકોર બેસુમાર ભીડ હતી. ઉત્સવમાં આવેલા ગુજરાતીભાઈઓને રહેવા માટે ૧૫૦ જેટલા તંબુઓ બાંધીને ‘નેમિનાથનગર’ વસાવવામાં આવ્યું હતું. રખિયાલસ્ટેશન જેવા નાના ગામમાં આવો મોટો ઉત્સવ ગુરુદેવના પ્રતાપે ઉજવાયો. આવા મહાન ઉત્સવને ઉલ્લાસથી શોભવવા માટે રખિયાલના મુમુક્ષુઓને અને ગુજરાતના સાધર્મીઓને ધન્યવાદ! (અહીં ગુરુદેવ એક વખત સમયસારકલશટીકા ઉપર અને એક વખત ઋષભજિનસ્તોત્ર ઉપર પ્રવચન કરતા હતા; જિનમંદિરમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન છે; આજુબાજુ પાર્શ્વનાથ અને મહાવીરપ્રભુ છે.

* રખિયાલનો પ્રતિષ્ઠામહોત્સવ પૂરો કરીને પૂ. ગુરુદેવ દેહગામ, સોનાસન, ફતેપુર અને તલોદ પધાર્યા, ત્યાં દરેક ઠેકાણે ગુજરાતના મુમુક્ષુ સમાજે ઉત્સાહથી લાભ લીધો. ત્યારબાદ તલોદથી વઢવાણ શહેર, ગોંડલ અને જેતપુર થઈ ને પૂ. ગુરુદેવ તા. ૧૪–૩–૬૪ ના રોજ પોરબંદર પધાર્યા છે ને ત્યા આઠ દિવસ બિરાજશે.

* **પોરબંદર પછીનો ગુરુદેવનો કાર્યક્રમઃ-** આત્મધર્મના છેલ્લા અંકમાં છાપેલ છે તે મુજબ–લાઠી (માર્ચ તા. ૨૨); સાવરકુંડલા તા. ૨૩ થી ૩૦; આંકડિયા તા. ૩૧ માર્ચ તથા ૧ એપ્રીલ; ઉમરાળા તા. ૨–૩ એપ્રીલ; ગઢડા તા. ૪–૫; પાટી તા. ૬; રાણપુર તા. ૭ થી ૧૧; ત્યારબાદ બોટાદ તા. ૧૨ થી ૧૯ એપ્રીલ; તેમાં તા. ૧૯ ને ચૈત્ર સુદ આઠમના રોજ જિનબિંબવેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત. ત્યારબાદ તા. ૨૦ થી ૨૪ એપ્રીલ (ચૈ. સુ. ૯ થી ચૈ. સુ. ૧૩ સુધી) અમદાવાદ; તા. ૨૫ થી ૩૦ સુધી વચ્ચે રસ્તાના ગામો સુરત, પાલેજ વગેરે; અને તા. ૧–૫–૬૪ ચૈ. વદ છઠ્ઠના રોજ મુંબઈનગરીમાં પ્રવેશ. ત્યાં તા. ૧૩–૫–૬૪ ને વૈશાખ સુદ બીજનો હીરકજયંતીમહોત્સવ, અને તા. ૨૨–૫–૬૪ ને વૈશાખ સુદ ૧૧ નું દાદરજિનમંદિરની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું મુહૂર્ત. –પછી તુરતમાં સુર્વણધામ સોનગઢ તરફ....

* સમ્મેદશિખર તીર્થધામની મધુરી છાયા–મધુવનમાં નંદીશ્વરના બાવન જિનાલયો તથા પંચમેરુની જે સુંદર–ભવ્ય રચના થઈ હતી તેની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ આ ફાગણ સુદ પાંચમથી બારસ સુધી ધામધૂમપૂર્વક ઉજવાઈ ગયો. આ પ્રસંગે ચાલીસહજાર જેટલા ભક્તજનો એ પાવનતીર્થની છાયામાં એકઠા થયા હતા ને પાર્શ્વપ્રભુની એ મોક્ષભૂમિમાં પાર્શ્વપ્રભુના પંચકલ્યાણકના પાવન દ્રશ્યો જોઈને સૌને આનંદ થતો હતો. નંદીશ્વર–મંદિર ઉપર કલશ ચઢાવવાની ઉછામણી રૂા. ૧,૧૧,૧૧૧ માં

શ્રી શાંતિપ્રસાદજી શાહૂએ લીધી હતી. કૂલ ઉપજ અંદાજ પાંચલાખ જેટલી થઈ હતી. પ્રતિષ્ઠાવિધિ પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રીએ કરાવી હતી. સિદ્ધિધામની છાયામાં સ્થિત એ પંચમેરુ નંદીશ્વર જિનાલયોને નમસ્કાર હો.

બીજો પ્રતિષ્ઠા–મહોત્સવ બનારસમાં ફાગણ સુદ એકમથી પાંચમ સુધી ઊજવાયો. પાર્શ્વપ્રભુની આ જન્મનગરી ફરીને પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણક વગેરેના જયજયકારથી ગૂંજી ઊઠી. અહીંનું પંચાયતી મંદિર નવેસરથી બંધાતાં તેમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ થયો હતો. બનારસ ( કાશી ) ની વસ્તી પાંચ લાખ જેટલી છે. –જૈનોની વસ્તી બહુ જ થોડી છે. ઉત્સવ દરમિયાન લગભગ પાંચ હજાર માણસોની ઉપસ્થિતિ રહેતી.

આફ્રિકામાં નાઈરોબી શહેરમાં તા. ૫–૧–૬૪ ના રોજ જૈન સ્વાધ્યાયમંદિરનાં શિલાન્યાસનો મહોત્સવ થયો હતો. સવારમાં જિનેન્દ્ર ભગવાનના પૂજન–અભિષેક બાદ શ્રી રામજીભાઈ દેવરાજ શાહના સુહસ્તે શિલાન્યાસ થયું, તે પ્રસંગે સ્થાનિક અનેક આગેવાનો ઉપરાંત મોમ્બાસા ને મોશી વગેરેથી કુલ ૮૦૦ જેટલા માણસો હતા. શિલાન્યાસ બાદ જિનેન્દ્રદેવની રથયાત્રા ધામધૂમથી નીકળી હતી, ને આફ્રિકાના ભક્તજનો આનંદથી નાચી ઊઠયા હતા. બપોરની સભામાં ૪૦૦ જેટલા માણસો હતા ને શ્રી દેવસીભાઈએ પૂ. ગુરુદેવનો તથા સોનગઢનો પરિચય આપ્યો હતો. આફ્રિકા જેવા દેશમાં પણ ઉત્સાહપૂર્વક આવી ધાર્મિકપ્રવૃત્તિ બદલ ત્યાંના સર્વે મુમુક્ષુઓને ધન્યવાદ !

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ ( સેન્ટ્રલ ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે “આત્મધર્મ” સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

**૧. પ્રસિદ્ધિસ્થળ : સ્ટેશન રોડ, ભાવનગર.**
**૨. પ્રસિદ્ધિક્રમ : દરેક અંગ્રજી મહિનાની દશમી તારીખ.**
**૩. મુદ્રકનું નામ : અનંતરાય હરિલાલ શેઠ.**
**કયા દેશના : ભારતીય. ઠેકાણું: આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.**
**૪. પ્રકાશકનું નામ:શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ વતી,**
**હરિલાલ દેવચંદ શેઠ, ભાવનગર.**
**કયા દેશના : ભારતીય. ઠેકાણું: સ્ટેશન રોડ, ભાવનગર.**
**૫. તંત્રી : જગજીવન બાઉચંદ દોશી**
**કયા દેશના : ભારતીય. ઠેકાણું: સાવરકુંડલા**
**૬. સામયિકના માલિકનું નામ: શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

**આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે. તા. ૧-૩-૧૯૬૪**

# વૈરાગ્ય સમાચાર



ગુરુદેવ સાથે દક્ષિણના તીર્થધામોની યાત્રા કરીને, છેલ્લેછેલ્લે ગજપંથાસિદ્ધિધામની યાત્રા કરીને, જ્યાં મુંબઈમાં પગ મુક્યો કે હૃદયને આંચકો આપે એવા સમાચાર સાંભળ્યા કે મોહનલાલ કાળીદાસ જસાણીનો સ્વર્ગવાસ થઈ ગયો. શેઠ શ્રી મોહનભાઈ આ વખતે યાત્રા પ્રવાસમાં સંઘપતિ તરીકે સોનગઢથી જ ગુરુદેવની સાથેજ હતા. ગુરુદેવ સાથેના યાત્રાપ્રવાસને કારણે તેઓ ખૂબ જ ઉલ્લાસમાં હતા ને ગુરુદેવ સાથે યાત્રા કરતાં તેમને ઘણો હર્ષ થતો હતો. એ રીતે ઉત્સાહથી દક્ષિણ દેશના બધા તીર્થોની યાત્રા પૂર્ણ કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં કરાર ગામે આવતાં મોહનભાઈની તબીયત નબળી થયેલી, તેથી આરામ કરવા માટે તેઓને કરારથી પુના જવાનું નક્કી કર્યું, જતી વખતે તેઓએ ઘણા ભાવપૂર્વક ગુરુદેવના દર્શન કર્યા, ભક્તિથી ગુરુદેવનો ઉપકાર વ્યક્ત કર્યો, હીરકજયંતી માટે શ્રદ્ધાંજલિનું લખાણ આપ્યું, અને ત્રણચાર દિવસ આરામ કરીને પોતે જલગાંવ આવી જશે અને પછી ગુરુદેવની સાથે જ રહેશે એવી ભાવના તેમણે વ્યક્ત કરી; ને ત્યાંથી પૂ. બેનશ્રીબેનની મોટરમાં કરારથી પુના તરફ રવાના થયા. રસ્તામાં તેઓ પ્રસન્નતા બતાવતા હતા ને વારંવાર ગુરુદેવની જય બોલાવતા હતા. આ ફેબ્રુઆરીની બીજી તારીખની વાત છે; ત્યારબાદ ત્રીજી તારીખે બપોરે તો પુનામાં પૂ. ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળ્યું, બધાય સાધર્મીઓને પ્રેમથી મળ્યા. અરસપરસ સમાચાર પૂછયા. ત્યારબાદ તેમના પુત્ર કાન્તિભાઈ સાથે લોનાવાલા આરામ માટે ગયા.... ને તા. ૪ની સવારમાં તો તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેમના ચાલ્યા જવાથી માત્ર જસાણી કુટુંબને જ નહિ પરંતુ આપણા આખા સમાજને મહાન ખોટ પડી છે. તેઓ સેવાભાવી, સરળ સ્વભાવી હતા અને ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. તેમાંય છેલ્લા મહિનામાં ગુરુદેવ સાથે યાત્રાપ્રવાસને કારણે તેમના જીવનમાં જાણે એક પ્રકારનું પરિવર્તન આવી ગયું હોય એવો તેમનો ઉલ્લાસ હતો. વારંવાર તેઓ કહેતા કે મને ગુરુદેવ સાથે યાત્રામાં બહુ આનંદ આવે છે;

હું ઠેઠ સુધી ગુરુદેવની સાથે જ રહીશ.... અને ઠેઠ સુધી ગુરુદેવનું સ્મરણ કરતાં કરતાં તેમણે દેહ છોડયો. શેઠ શ્રી મોહનલાલભાઈનો આત્મા દેવ–ગુરુ અને તીર્થની ભક્તિના સત્સંગની ભાવનાના, તેમજ ધર્મપ્રેમના સુસંસ્કાર લઈને ગયો છે, તેની સંધિમાં આગળ વધીને તે પોતાનું આત્મહિત શીઘ્ર સાધે એમ ઇચ્છીએ, અને આવા પ્રસંગ ઉપરથી ધાર્મિકભાવના પૃષ્ટ કરીને, દેવ–ગુરુની ભક્તિ દૃઢ કરીને, સત્સંગમાં અપ્રમાદપણે આત્મહિત સાધવામાં આપણે ઉદ્યમી બનીએ. —એ જ ભાવના.

* દિલ્હીમાં શ્રી હુકમચંદજીના ધર્મપત્ની શ્રી સબ્જીદેવીનો સ્વર્ગવાસ ગત તા. ૩૧–૧–૬૪ ના રોજ પૂ. ગુરુદેવના વ્યાખ્યાનનું ટેપરેકોર્ડિંગ રીલ સાંભળતાં થઈ ગયો. તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો ને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા. ધર્મપ્રભાવના વધે તે માટે પણ તેમને ઘણી ભાવના હતી.

* દિલ્હીમાં જૈન વોચ કું.વાળા શેઠ શ્રી રઘુવીરસિંહજી ૬૫ વર્ષની વયે ગતમાસમાં સ્વર્ગવાસ પામી ગયા. છેલ્લી ઘડી સુધી ધાર્મિકપાઠની સ્વાધ્યાયપૂર્વક તેમણે દેહ છોડયો. તેઓને જૈનધર્મ માટે ખાસ ગૌરવ હતું; ગુરુદેવ પ્રત્યે પણ તેઓ બહુમાન ધરાવતા, તેમજ તેમના સુપુત્ર પ્રેમચંદજી પણ બહુમાન ધરાવે છે. તેમના તરફથી જૈનધર્મના મહિમાસૂચક મોટા રંગીન કેલેન્ડર દર વર્ષે છપાય છે.

* મોરબીમાં ગત માસમાં ( મહા સુદ ૧ના રોજ ) શ્રી હંસરાજ ભગવાનજી દોશી સ્વર્ગવાસ પામી ગયા. છેલ્લે કેટલાક વખતથી તેઓ બિમાર હતા, છતાં થોડા વખત પહેલાં સોનગઢ આવીને તેમણે સત્સમાગમનો લાભ લીધો હતો. મોરબીમાં તેઓ ઘરે રેકોર્ડિંગમશીન દ્વારા પૂ. ગુરુદેવના પ્રવચનો સાંભળ્યા કરતા; લગભગ છેલ્લી ઘડી સુધી નિયમસાર ગા. ૩૮ ઉપરનું પ્રવચન સાંભળતાં અને ગુરુદેવનું સ્મરણ કરતાં તેમણે દેહ છોડયો. છેલ્લા અનેક વર્ષોથી તેઓ પૂ. ગુરુદેવના સત્સમાગમમાં આવેલ હતા, ને પોતાના કુટુંબમાં પણ ધાર્મિક ભાવનાના સંસ્કાર તેઓ રેડતા ગયા છે.

* ઉદયપુરના ભાઈશ્રી હજારીમલજી મહેતા ગતમાસમાં આકસ્મિક સ્વર્ગવાસ પામી ગયા છે. ઉદયપુર મુમુક્ષુમંડળના તેઓ અધ્યક્ષ હતા, તેમજ મુંબઈ મુમુક્ષુમંડળમાં પણ તેઓ ઉત્સાહભર્યો ભાગ લેતા. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો ને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* ગોંડલના ભાઈશ્રી રૂખડ ગોવા ભરવાડ મહા સુદ ૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, તેઓ મુમુક્ષુમંડળમાં ભાગ લેતા અને ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો. તેમણે ગોંડલના દિ. જિનમંદિરને રૂા. ૫૦૧/–ભેટ આપ્યા છે.

—આ સર્વે સદ્‌ગત આત્માઓ જિનશાસનની ઉપાસનામાં આગળ વધીને આત્મહિત સાધો..... એ જ ભાવના.

# શ્રી જૈન વિદ્યાર્થીગૃહ,

## સોનગઢ (સૌરાષ્ટ્ર)

(૧) આ સંસ્થામાં જૈનધર્મના કોઈપણ ફિરકાના વિદ્યાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પૂ. શ્રી કાનજીસ્વામીના ઉપદેશનો તેમજ ધાર્મિકઅભ્યાસનો પણ લાભ મળે છે. મકાન તથા ખોરાક–હવાપાણીની સગવડ સુંદર છે.

(૨) ગુજરાતી પાંચમા ધોરણથી એસ. એસ. સી. (મેટ્રિક) સુધી અભ્યાસ કરતા ૧૦ વર્ષથી ઉપરની ઉંમરના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે.

(૩) માસિક ભોજનનો ચાર્જ પૂરી ફીના રૂા. ૨૫) તથા ઓછી ફીના રૂા. ૧૫) લેવામાં આવે છે.

(૪) સંસ્થા નવું સત્ર (ટર્મ) તા. ૧૫મી જૂનથી શરૂ થશે.

દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૨૫મી એપ્રિલ સુધીમાં ૧૫ ન. પૈ. ની ટીકીટ બીડી પ્રવેશપત્રો અને નિયમો મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના પરિણામ સાથે હેડમાસ્તરની સહી કરાવીને તા. ૧૫મી મે સુધીમાં નીચેના સરનામે મોકલી દેવાં:–


(પ્રવેશપત્રો મંગાવવાનું સરનામું:–)

શ્રી પમુભાઈ આર. ગાંધી
C/o દિ. જૈન મુમુક્ષુ મંડળ
૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ
મુંબઈ: ૨

(પ્રવેશપત્રો મોકલવાનું સરનામું:–)

મંત્રી, જૈન વિદ્યાર્થીગૃહ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

'—મને બંધનથી છોડવો !'



'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો' ....



પીંજરાની અંદર )        મૈસુર-પ્રાણીસંગ્રહનાં બે દૃશ્યો        ( પીંજરાની બહાર

"ATMDHARM" Reg. No. G. 82

"પોન્નૂર યાત્રા અંક"




અસાધારણ ભક્તિ અને અનેરા ઉલ્લાસપૂર્વક પાંચ હજાર જેટલા યાત્રિકો સહિત કુંદકુંદપ્રભુના પાવન તીર્થધામની યાત્રા કરીને નીચે પધારી રહેલા કાનજીસ્વામીના સ્વાગતનું એક સુંદર દ્રશ્ય

(તા. ૨૬ જાન્યુઆરી ૧૯૬૪)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.